# સંજોગ ન્યૂઝ

શુભ દીપાવલી

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26


Year - 9 | Issue- 20 | AD - 2025, Aaso Vad - ((0 | Monday, Dt.20-10-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-10 Price : Rs.3-00


### ૨૧૨૮ પૂજારીઓએ સરયુની ભવ્ય આરતી કરી, સીએમ યોગીએ વિપક્ષો પર આકરા પ્રહાર કર્યા

# અયોધ્યામાં દીપોત્સવની ઉજવણી : બે વર્લ્ડ રેકોર્ડ નોંધાયા

અયોધ્યા,તા.૧૯

અયોધ્યામાં ૯મો દીપોત્સવ ઉજવાઈ રહ્યો છે. સીએમ યોગીએ રામ મંદિરમાં દીવા પ્રગટાવ્યા હતા. આ પછી, દીપોત્સવ શરૂ થયો હતો. આ સાથે, રામ કી પૈડી પર દીવા પ્રગટાવવામાં આવ્યા. આ દરમિયાન, ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં અયોધ્યાના નામે બે રેકોર્ડ બનાવવામાં આવ્યા હતા. પ્રથમ- એક સાથે ૨૬ લાખ ૧૭ હજાર ૨૧૫ દીવા પ્રગટાવવામાં આવ્યા. બીજો- સરયુ કિનારે ૨૧૨૮ પૂજારીઓએ સરયુની ભવ્ય આરતી કરી હતી. ડ્રોનની મદદથી દીવાઓની ગણતરી કરવામાં આવી. જ્યારે રામ કી પૈડી પર લેસર લાઈટ શો કરવામાં આવ્યો. ૧૧૦૦ ડ્રોનથી એક ખાસ શો કરવામાં આવ્યો. દીપોત્સવ માટે સમગ્ર અયોધ્યામાં સુરક્ષા વ્યવસ્થા કડક છે. જાહેર વાહનોને અયોધ્યા ધામમાં જવાની મંજૂરી આપવામાં આવશે નહીં. ફક્ત આમંત્રિત મહેમાનોના વાહનોને જ નિયુક્ત પાર્કિંગમાં જવાની મંજૂરી આપવામાં આવશે. શનિવારે મોડી રાતે ૧૨ વાગ્યાથી જિલ્લાની સરહદ પર ભારે વાહનોની અવરજવર પર



પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. મુખ્યમંત્રી યોગીએ કહ્યું, ‘‘જો કોઈ તહેવારો દરમિયાન રસ્તા પર ચાલતી કોઈ છોકરી, ઉદ્યોગપતિ અથવા નાગરિકને હેરાન કરે છે, તો સરકાર ઝીરો ટોલરેન્સની નીતિનું પાલન કરીને કડક કાર્યવાહી કરશે.’’ તેમણે કહ્યું, ‘‘દેશમાં હવે ઉત્તર પ્રદેશ સામે હવે ઓળખનું સંકટ નથી. હવે, કાયદો શાસન કરે છે. ગુનેગારો ભયભીત છે. ગરીબોનું સન્માન થાય છે. ખેડૂતો સમૃદ્ધ છે. દરેક ગામમાં વીજળી છે અને દરેક હૃદયમાં એક નવો ઉત્સાહ અને ઉમંગ છે.’’ સીએમ યોગીએ કહ્યું, ‘‘રામરાજ્યનો ખ્યાલ હતોઃ કોઈ ગરીબ નહીં, કોઈ દુઃખી નહીં, કોઈ લાચાર નહીં. નવા ભારતમાં તમે આ બધું જોયું હશેઃ જ્યારે ગરીબ વ્યક્તિના ઘરમાં શૌચાલય બને છે, જ્યારે તેમને પોતાનું ઘરનું ઘર મળે છે, અને જ્યારે કોઈ માતાને પોતાના રસોડામાં રાંધવા માટે ઉજ્જવલા યોજનાનો લાભ મળે છે. ૫ લાખ રૂપિયાનું વીમા કવચ મળે છે. ખેડૂતો, અન્નદાતાઓને અનેક લાભ મળી રહ્યા છે. તેમણે કહ્યું, ‘‘નવા ભારતની સાથે, એક નવું ઉત્તર પ્રદેશ પણ દેખાય છે. મુખ્યમંત્રી યોગીએ કહ્યું, ‘‘માત્ર ૫૫ ઘાટ પર૨૬ લાખ દીવા પ્રગટાવવામાં આવી રહ્યા છે. વધુમાં, અહીંના મઠો અને આશ્રમોમાં પણ દીવા પ્રગટાવવામાં આવી રહ્યા છે. આજે, અયોધ્યા પર્યટનનું એક મુખ્ય કેન્દ્ર બની ગયું છે.’’ હવે, દર વર્ષે ૬ કરોડથી ૧૦ કરોડ ભક્તો મુલાકાતે આવી રહ્યા છે. આ નવી અયોધ્યા છે. હવે, અયોધ્યા પોતાને વિશ્વની વૈશ્વિક આધ્યાત્મિક રાજધાની તરીકે સ્થાપિત કરશે. વિપક્ષે રામ મંદિરમાં અવરોધ ઊભો કરવા માટે વકીલોની ફોજ બનાવી હતી. તેમણે રામભક્તો પર ગોળીબાર પણ કર્યો.’’ અમે અયોધ્યામાં દીવા પ્રગટાવી રહ્યા છીએ. તેમણે તાળા લગાવ્યા હતા, અને પૂજ્ય સંતોના આશીર્વાદથી આજે અયોધ્યામાં એક ભવ્ય રામ મંદિર બનાવવામાં આવ્યું છે. તેમણે અયોધ્યાની ઓળખ નષ્ટ કરી હતી. અયોધ્યાને ફૈઝાબાદ બનાવવામાં આવ્યું. અમે અયોધ્યાની ઓળખને અયોધ્યા સાથે જોડી દીધી છે અને અયોધ્યાધામ બનાવ્યું છે. આ દીવો એ વાતની સાક્ષી પૂરે છે કે કોઈ પણ રાજકારણ શ્રદ્ધાને કેદ કરી શકતું નથી. સીએમ યોગીએ વધુમાં જણાવ્યું હતું કે, સમાજવાદી પાર્ટીએ અયોધ્યામાં રામભક્તો પર ગોળીબાર કર્યો. આ એ જ લોકો છે જે બાબરની સમાધિ પર પ્રણામ કરે છે, પરંતુ જ્યારે તેમને રામ લલ્લાના દર્શન માટે આમંત્રણ આપવામાં આવે છે, ત્યારે તેઓ ના પાડી દે છે.’’
















સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
સોમવાર, તા.૨૦-૧૦-૨૦૨૫

## દામનગરથી લઈ છેક અમરેલી સુધી ઠેર-ઠેર ફુલડેથી વધાવવામાં આવ્યા

# મંત્રી બન્યા બાદ અમરેલી આવેલા કૌશિક વેકરીયાનું ભવ્ય સ્વાગત














અમરેલી,તા.૧૯

રાજ્ય સરકારના નવા મંત્રીમંડળમાં અમરેલીના ધારાસભ્ય અને વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાને રાજ્યકક્ષાના મંત્રી તરીકે સ્થાન મળતાં અમરેલી જિલ્લાને ૧૩ વર્ષ બાદ આખરે મંત્રીમંડળમાં જગ્યા મળી છે. કૌશિકભાઈ વેકરીયાને કાયદો અને ન્યાય, ઉર્જા અને પેટ્રોકેમિકલ તથા સંસદીય બાબતો મળીને જુદા જુદા ત્રણ ખાતા ફાળવવામાં આવ્યા હતા. પ્રથમ વખત ધારાસભ્ય તરીકે ચૂંટાયેલા કૌશિકભાઈને અગાઉ વિધાનસભાના નાયબ મુખ્ય દંડક તરીકેની ફરજ સોંપાઈ હતી ત્યારે ભૂપેન્દ્ર પટેલ ૨.૦ની સરકારમાં રાજ્યકક્ષાના મંત્રી તરીકે શપથ લીધા હતા. અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૧૨ સુધી દિલીપભાઈ સંઘાણી ૧૦થી વધુ ખાતાનો મંત્રી પદનો હવાલો સંભાળતા હતા. ત્યારબાદ થોડા સમય માટે સ્વ. વી.વી.વઘાસીયા મંત્રી પદે રહ્યા હતા. અત્યાર સુધી જિલ્લાને રાજ્ય સરકારના મંત્રીમંડળમાં સ્થાન મળ્યું ન હતું. જોકે, કેન્દ્ર સરકારના મંત્રીમંડળમાં પુરૂષોત્તમભાઈ રૂપાલાને અગાઉની ટર્મમાં મંત્રી પદ અપાયું હતું. કૌશિકભાઈ વેકરીયાને મંત્રીમંડળમાં સ્થાન મળતા અમરેલી, બાબરા, વડીયા સહિતના વિસ્તારમાં ભાજપના કાર્યકરોએ ફટાકડા ફોડી ખુશી વ્યક્ત કરી હતી. રાજયકક્ષાના મંત્રી તરીકે કાર્યભાર ધનતેરસના દિવસે સંભાળ્યો હતો જો કે રવિવારના રોજ કાયદા મંત્રી કૌશિકભાઈ વેકરીયા પોતાના મત વિસ્તારમાં પધારવાના હોવાથી અમરેલી જિલ્લામાં અનેરો થનગનાટ જોવા મળી રહ્યો હતો. રાજય સરકારના મંત્રી કૌશિકભાઈ વેકરીયા અમરેલી પધારવાના હોવાથી જિલ્લા ભાજપ દ્વારા તેમનો અભિવાદન સમારોહ યોજાયો હતો. અમરેલીમાં પ્રવેશ પૂર્વે કૌશિકભાઈ વેકરીયા દામનગર પહોચ્યા હતા. જયાં દામનગર શહેર ભાજપ દ્વારા કાયદા મંત્રી કૌશિકભાઈ વેકરીયાનું સન્માન કરવામાં આવ્યુ હતું. ભાજપ પરિવારની સાથે દામનગરની સામાજિક સંસ્થાઓ પણ સન્માનમાં જોડાઈ હતી. વેકરીયા લાઠી પહોંચતા ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના કાર્યાલય ખાતે લાઠી ભાજપના આગેવાનો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા અને ધારાસભ્ય જનકભાઈ તળાવીયા સહિત લાઠી ભાજપના આગેવાનોએ કૌશિકભાઈ વેકરીયાને ફુલહાર કરી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. ઈશ્વરીયા થઈ કાયદા મંત્રી કૌશિકભાઈ વેકરીયા અમરેલી પ્રવેશતાની સાથે લાઠી રોડ પર અભુતપૂર્વ જનમેદની એકત્ર થઈ હતી. મોટી સંખ્યામાં લોકોની લાઈનો લાગી હતી અને ત્યાંથી પસાર થતી વખતે કાયદા મંત્રી કૌશિકભાઈ વેકરીયાને ફુલડે વધાવવામાં આવ્યા હતા. લાઠી રોડ પર ભવ્ય સ્વાગત-સન્માન થયા બાદ સરદાર સર્કલ પર સરદારની પ્રતિમાને ફુલહાર કરવામાં આવ્યા હતા. આ તકે શહેરની સામાજિક સંસ્થાઓએ કૌશિકભાઈ વેકરીયાનું સન્માન કર્યુ હતું. સરદાર સર્કલથી કૌશિકભાઈ વેકરીયા પગપાળા નાગનાથ મંદિર પહોંચ્યા હતા જયાં મહાદેવને શીશ ઝુકાવી આર્શીવાદ મેળવ્યા હતા. જયાં વેપારીઓએ હારતોરા કરી તેમને શુભેચ્છા પાઠવી હતી. હાજર રહેલા સાધુ-સંતોએ આર્શીવચન પાઠવ્યા હતા. તમામ લોકોનું અભિવાદન ઝીલી કૌશિકભાઈ વેકરીયા જિલ્લા ભાજપ કાર્યાલય પહોંચ્યા હતા જયાં ભાજપ કાર્યકરોએ ભારત માતા કી જયના નારા લગાવતા તમામ આગેવાનો અને કાર્યકરોનો આભાર માન્યો હતો. અભિવાદન સ્થળે લોકડાયરો પણ યોજાયો હતો. અભિવાદન સમારોહમાં જિલ્લાભરમાંથી ભાજપ આગેવાનો, કાર્યકરો અને ૧૯ મંડળોના હોદ્દેદારો હાજર રહ્યા હતા સાથોસાથ અમરેલી વિધાનસભાના સરપંચો પણ હાજર રહ્યા હતા. કૌશિકભાઈ વેકરીયાના સન્માન સમારોહ સમયે દિલીપભાઈ સંઘાણી, સાંસદ પરશોતમભાઈ રૂપાલા, સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્યો જનકભાઈ તળાવીયા, જે.વી. કાકડીયા, મહેશભાઈ કસવાળા, અતુલભાઈ કાનાણી ખાસ હાજર રહ્યા હતા. રાજય સરકારમાં મંત્રી તરીકે નિયુક્ત થયા બાદ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી તેમજ સંગઠને મારામાં જે વિશ્વાસ મુક્યો છે તેને સાર્થક કરવાનો પ્રયત્ન કરીશ અને કોઈપણ કામ હોય તો જિલ્લાના તમામ લોકો માટે મારી કચેરીના દરવાજા હંમેશા ખુલ્લા રહેશે.

### ઈશ્વરીયા ખાતે સાંસદ પરશોતમ રૂપાલા અને દિલીપ સંઘાણીએ સન્માન કર્યુ

લાઠીથી નીકળ્યા બાદ કૌશિકભાઈ વેકરીયા ઈશ્વરીયા પહોંચ્યા હતા જયાં ઈશ્વરીયા મહાદેવના દર્શન કર્યા બાદ રાજકોટના સાંસદ પરશોતમભાઈ રૂપાલા અને ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીએ કૌશિકભાઈ વેકરીયાને હાર પહેરાવી મંત્રી બનવા બદલ શુભકામના પાઠવી હતી. સન્માન બદલ કૌશિકભાઈ વેકરીયાએ સાંસદ પરશોતમભાઈ રૂપાલા અને દિલીપભાઈ સંઘાણીનો સહૃદય આભાર વ્યકત કર્યો હતો. આ તકે અશ્વીનભાઈ સાવલીયા, ભરતભાઈ કાનાબાર સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## ચાવંડ નજીક ડીઝલનું ટેન્કર પલટતા આગ લાગી



અમરેલી,તા.૧૯

ગઈકાલે અમરેલી ફાયર કંટ્રોલ રૂમને જાણ થઈ હતી કે જામનગરથી રાજુલા જતા ડીઝલ ટેન્કર લાઠી તાલુકાના ચાવંડ નજીક પલટી મારી ગયું છે. ઈન્ચાર્જ ફાયર ઓફિસર એચ. પી. સરતેજાની આગેવાની હેઠળ અમરેલી ફાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી સતત ફોમનો મારો ચલાવી પરિસ્થિતિ કાબુમાં લીધી. બાદમાં ક્રેનની મદદથી ટેન્કરને ઊભું કરી માર્ગ પરથી હટાવવામાં આવ્યું હતુ. ઘટનામાં કોઈ જાનહાની થઈ નથી. આ કામગીરીમાં આનંદભાઈ જાની, કૃષ્ણભાઈ ઓળકિયા, અરૂણભાઈ વાઘેલા અને ધવલભાઈ ચાવડા જોડાયા હતા.


## રાજુલામાં આંદોલનકારી સફાઈ કામદારોને અનાજ કીટનું વિતરણ



રાજુલા, તા.૧૯

છેલ્લા કેટલાય દિવસથી રાજુલા નગરપાલિકાના સફાઈ કામદારો વિવિધ માંગને લઈને આંદોલન પર છે ત્યારે દિવાળીના તહેવારોને ધ્યાને લઈ રાજુલા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ ઘનશ્યામભાઈ લાખણોત્રા દ્વારા આંદોલનકારી સફાઈ કામદારોને અનાજ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## ધારીમાં દિવાળીની પૂર્વ સંધ્યાએ બજારોમાં ભારે ભીડ



ધારી,તા.૧૯

આજે દિવાળી હોવાથી ધારી શહેરમાં દીવાળીની પૂર્વ સંધ્યાએ બજારોમાં ભારે ટ્રાફિક જોવા મળ્યો હતો. લોકો દિવાળીની ખરીદી કરવા માટે ઉમટી પડ્યા હતા. જેમાં ખાસ કરીને લોકોએ ઘરને સુશોભિત કરવા માટે દીવડાઓ, તોરણ, રંગબેરંગી લાઈટોની ધૂમ ખરીદી કરી હતી. ધનતેરસના દિવસે સોની બજારમાં પણ ગ્રાહકોની ભારે ભીડ જોવા મળી હતી. ધારી શહેરમાં લોકોએ કપડા, ફુટવેર સહિતની ધૂમ ખરીદી કરી હતી. આમ, ધારી શહેરમાં લોકોએ દિવાળીની ઉજવણી કરવા માટે મન મૂકીને ખરીદી કરી હતી. ભારે ભીડ વચ્ચે પોલીસે લોકોના જાનમાલની રક્ષા માટે ખડેપગે ફરજ બજાવી હતી.









# ખાંભા તાલુકાના સરપંચોનું જિલ્લા પોલીસ વડા દ્વારા સન્માન કરાયું

**સીસીટીવી કેમેરાથી અસમાજિક પ્રવૃત્તિ પર રોક**



અમરેલી,તા.૧૯

અમરેલી જિલ્લા પોલીસ વડા દ્વારા નવતર પહેલ કરવામાં આવી છે. જિલ્લાના ગામડાઓમાં સીસીટીવી કેમેરા લાગેલા હોય તેવા ગામના સરપંચોનું એસ.પી. સંજય ખરાત દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. અમરેલી જિલ્લામાં પરપ્રાતીય શ્રમિકોની સંખ્યા વધુ છે ત્યારે અમુક પરપ્રાંતીય લોકો અસમાજિક પ્રવૃત્તિ આચરતા હોય છે. અસમાજિક પ્રવૃત્તિઓને અંકુશમાં રાખવા માટે ગ્રામ્ય વિસ્તારોમાં સીસીટીવીની ખાસ જરૂરીયાત હોય છે. ગુન્હાહિત પ્રવૃત્તિ આચરી નાસી ગયા બાદ આવા ઈસમોને પકડવા માટે સીસીટીવી કેમેરા પોલીસ માટે આર્શીવાદરૂપ બને છે જેથી અમરેલી જિલ્લા પોલીસ વડા દ્વારા ખાંભા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં જે સરપંચોએ સીસીટીવી કેમેરા લગાડેલા છે તેવા સરપંચોનું સન્માન કર્યું હતું.

**વાલીઓ માટે લાલબત્તીરૂપ કિસ્સો બન્યો, સીસીટીવી ફુટેજ વાયરલ**

# ચલાલામાં બનાવટી બંદૂકથી વિસ્ફોટ થતા બાળકને આંખમાં ગંભીર ઈજા

અમરેલી,તા.૧૯

ધારી તાલુકાના ચલાલા ગામમાં રમતી વખતે એક બાળક પીવીસી પાઈપમાંથી બનેલી બનાવટી બંદૂકના વિસ્ફોટમાં ગંભીર રીતે ઘાયલ થયો છે. પાઈપમાં વિસ્ફોટક પદાર્થ ભરેલો હોવાથી અચાનક ધડાકો થયો હતો, જેના કારણે બાળકને આંખમાં ગંભીર ઈજા પહોંચી હતી. બાળકને તાત્કાલિક સારવાર માટે ભાવનગરની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.



સૌરાષ્ટ્રના યુવાનોમાં ફટાકડાના દારૂથી આવી બનાવટી બંદૂકો બનાવવાનું ચલણ છે. આ ઘટનાના CCTV ફૂટેજ પણ વાયરલ થયા છે, જે વાલીઓ માટે ચેતવણીરૂપ છે. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

**બાળકને સારવાર અર્થે તાત્કાલિક ભાવનગર ખસેડાયો**

**અમરેલી જિલ્લામાં મકાન બનાવવા માટે કેન્દ્ર-રાજય સરકારે રૂ.૭૨૫ લાખની સહાય ચુકવી**

# ઘરવિહોણા અને કાચા મકાનમાં રહેતા ૪૨૭ પરિવારો માટે દિવાળીનો ઉપહાર

અમરેલી,તા.૧૯

અમરેલી જિલ્લાના ઘરવિહોણા અને કાચા આવાસમાં રહેતા ૪૨૭ પરિવારો માટે આ દીપાવલી ખાસ બની રહેશે, કારણ કે તેઓ 'પ્રધાનમંત્રી આવાસ યોજના - ગ્રામીણ' (PMAY-G) હેઠળ મળેલા નવા પાકા મકાનોમાં પર્વની ઉજવણી કરશે. વર્ષ ૨૦૨૫-૨૬માં આ યોજના હેઠળ ૪૨૭ લાભાર્થીઓને પાકા આવાસ માટે જુદા જુદા તબક્કામાં કુલ અંદાજે રૂ. ૭૨૫ લાખની સહાય ચૂકવવામાં આવી છે. આ યોજના થકી તેમનું "ઘરના ઘર"નું સ્વપ્ન સાકાર થયું છે. હાલમાં જિલ્લામાં ૩૨૨ લાભાર્થીઓના આવાસ પ્રગતિ



હેઠળ છે. PMAY-G હેઠળ લાભાર્થીઓને તબક્કાવાર કુલ રૂ.૧.૦૫ લાખની સહાય ઉપરાંત મનરેગા હેઠળ રૂ.૨૫,૦૦૦, શૌચાલય માટે રૂ.૧૨,૦૦૦ અને બાથરૂમ માટે રૂ.૫,૦૦૦ની સહાય મળે છે. વધુમાં, મુખ્યમંત્રી પ્રોત્સાહક યોજના હેઠળ ૬ માસમાં આવાસ પૂર્ણ કરવા બદલ વધારાના રૂ.૨૦,૦૦૦નો લાભ પણ મળવાપાત્ર છે. કેન્દ્ર અને રાજ્ય સરકારની આ સંયુક્ત પહેલથી ગરીબ પરિવારોને પાકા અને સુવિધાજનક આવાસ મળે છે.

**"ઘરના ઘર"નું સ્વપ્ન સાકાર થતા અનેક પરિવારોમાં ખુશીનો માહોલ**

# તોરીના રામપુરમાં ત્રિ દિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાશે

તોરી,તા.૧૯

તોરીના રામપુર ગામે આપાગીગા બાપુની જન્મભૂમિ મંદિરે ૨૫થી ૨૭ ઓક્ટોબર દરમિયાન ત્રિ દિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાશે. આ તકે સંતવાણીનો ભવ્ય કાર્યક્રમ પણ યોજાશે, જેમાં સૌરાષ્ટ્રના તમામ મોટા સંતો, રાજકીય આગેવાનો ઉપસ્થિત રહેશે. હાલમાં જુવારા, યજ્ઞકુંડ મંડપ



તસવીર :ઘનશ્યામભાઈ લાંભીયા

તેમજ અનેક વિવિધ કાર્યક્રમોની તૈયારીઓ ધર્મપ્રેમી જનતા મોટી સંખ્યામાં કરી રહ્યા છે, તેમ રામપુર ગામ સેવકગણ, ટ્રસ્ટીગણ અને આયોજકની યાદી જણાવે છે.


**શું તમને સાંભળવાની તકલીફ છે ?**

- આ દિવાળીમાં આપના વડીલોને આપો કાનના મશીનની અમૂલ્ય ભેટ, જેથી તેઓ ફરીથી સાંભળી શકે આપણી વાત
- વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
- જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
- પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય

કાનના મશીન | કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન

**અવતાર**
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363



**અનરીફાઈન્ડ ઉત્સવ ઓઈલ મિલનું ડબલ ફિલ્ટર સિંગતેલ**

**વડેરાગામમાં લઘુ ગૃહઉદ્યોગ**

અમરેલી બાયપાસ રાધેશ્યામ ચોકડી પાસે લઘુ ગૃહઉદ્યોગ

નવા ડબ્બામાં ૧૫ કિલો ૯૨૦ગ્રામ પાકો વજન

અમરેલીમાં હોમ ડિલેવરી કરી આપીશું

જી-૨૦ મગફળીનું શુદ્ધ સિંગતેલ

સ્થળ

અમરેલી: રાધેશ્યામ બાયપાસ ચોકડી ઉપર ઉત્સવ મીની મીલ (ઘાણીનું તેલ) સંપર્ક સુત્રઃ ૯૪૨૬૯ ૬૧૦૦૬, ૯૮૭૯૦ ૫૬૬૦૫

વડેરા: મહાદેવપરા,પાણીના ટાંકા પાસે, સંપર્ક સુત્રઃ ૯૭૨૭૩ ૮૩૧૫૫, ૯૯૭૮૫ ૧૪૧૩૩


# રાજુલામાં વિનાયક વિલા કોમ્પ્લેક્ષમાં મહાપૂજા યજ્ઞનું આયોજન



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા,તા.૧૯

રાજુલા શહેરમાં બાયપાસ નજીક આવેલા વિનાયક વિલા કોમ્પ્લેકસમાં ભવ્ય મહાપૂજા યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. પૂજ્ય યોગી પુરુષોત્તમદાસ સ્વામી (મહુવા), પૂજ્ય અખંડ મંગલમ સ્વામી (ઉના), પૂજ્ય નારાયણ સેવક સ્વામી (મહુવા), અને પૂજ્ય ઉત્તમ સેવા સ્વામી (ઉના) જેવા સંતોએ હાજરી આપી હતી. ઘનશ્યામભાઈ સામતભાઈ પરમાર પરિવાર દ્વારા પૂજા-અર્ચન અને સ્વાગત કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક અવસરમાં રાજુલાના સર્વ ભક્તજનો માટે મહાપ્રસાદનું આયોજન કરાયું હતું. ભક્તિ, ભાવ અને ભોજનના આ ત્રિવેણી સંગમમાં મોટી સંખ્યામાં ભાઈઓ, બહેનો, વડીલો અને માતાઓએ લાભ લીધો હતો.


**BLUE BUDDHA**
END OF SEASON SALE
Buy Rs. 4490/- Rs. 500/-off
Buy Rs. 9990/- Rs. 1250/- off
Buy Rs. 14990/- Rs. 2000/- off
Buy Rs. 19990/- Rs. 3000/- off
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
મનિષ વાકોતર | વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in | નોંધ: અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.



**શુભ દિપાવલી અને નૂતન વર્ષાભિનંદન**

અગ્રણી કેળવણીકારશ્રી વસંતભાઈ ગજેરાના નેતૃત્વ અને માર્ગદર્શનથી કાર્યરત
**શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ વિદ્યાસભા**
સ્કૂલ-કોલેજ-હોસ્ટેલ તરફથી દિપાવલી અને નવા વર્ષની શુભકામનાઓ

સ્કૂલ કાર્યક્ષેત્ર :- નર્સરી થી ધો.-૧૨, (સાયન્સ, કોમર્સ, આર્ટસ) ગુજરાતી/ અંગ્રેજી/ મિશ્ર ગર્લ્સ / બોયઝ

હોસ્ટેલ કાર્યક્ષેત્ર :- ધો.-૪ થી ૧૨ ગર્લ્સ અને બોયઝ અલગ-અલગ હોસ્ટેલ કેમ્પસ સુવિધા

અમારૂ શિક્ષણ કાર્ય એ જ અમારી વિશેષતાઓ.

ડૉ. જીવરાજ મહેતા સંસ્થાપિત અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત
શ્રીમતી ચંપાબેન વસંતભાઈ ગજેરા સ્કૂલ
શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા ઈંગ્લીશ મિડીયમ સ્કૂલ

-: સ્થળ :- વિદ્યાસભા લાઠી રોડ, અમરેલી. ફોન નં: ૯૦૯૯૦૯૮૨૨૦



**GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો**

ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર
10% GST ઘટાડા સાથે આજે જ ખરીદો

ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા સાથે આજે જ ખરીદો

અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.

ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ

**સંજય ટાયર્સ**
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.



Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI

મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ

**કારકેર સેન્ટર**
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ, રીપેરીંગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર

ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com








સોના-ચાંદીની ખરીદી માટે આજે જ પધારો

અમારી કોઈપણ બ્રાન્ચ પરથી ખરીદી કરી શકો છો... તો રાહ શેની જુઓ છો... આજે જ પધારો...

**શ્રીનાથજી જ્વેલર્સ** (અમરાપુર વાળા)
અંકિત સોનીઃ 99257 57581 / 92650 95977
ભીડભંજન રોડ, નેપ્ચ્યુન હોટલ પાસે, SBI બેંકની સામે, અમરેલી.

બ્રાન્ચ-૧ **યમુના જ્વેલર્સ** (અમરાપુર વાળા)
હિરેન સોનીઃ 9429220847 / 8141207736
ચકકરગઢ રોડ, ફાટક ઉતરતા, અમૃતનગર શેરી નં.૨, સહજ હોલની બાજુની ગલીમાં, અમરેલી.

બ્રાન્ચ-૨ **શ્રી યમુના જ્વેલર્સ** (અમરાપુર વાળા)
વિરેન સોનીઃ 98246 28370
હઠીલા હનુમાન મંદિર પાછળ, કાબરીયાના ડેલા સામે, અમરેલી.

## વધારાની બસ મુકવામાં આવતા અનેક લોકલ રૂટ બંધ કરવામાં આવ્યા

# અમરેલી જિલ્લાના એસ.ટી.ડેપોમાં શ્રમિકોની ભારે ભીડ ઉમટી

**વધારાની બસ મુકવા છતાં શ્રમિકોને બેસવા માટે જગ્યા મળતી નથી**

અમરેલી,તા.૧૯

અમરેલી જિલ્લાના તમામ એસ.ટી. ડેપોમાં મુસાફરોનો ધસારો જોવા મળ્યો છે, જેમાં પંચમહાલ, મધ્યપ્રદેશ, રાજસ્થાન તેમજ ગુજરાતના છેવાડાના ગામોમાં રહેતા શ્રમિકો જે અમરેલી જિલ્લામાં ખેતીકામ તેમજ કન્સ્ટ્રકશન લાઈન સાથે જોડાયેલા છે તેવા શ્રમિકોની ભીડ વધુ જોવા મળી છે. અમરેલી જિલ્લામાંથી એસ.ટી.ની ૨૫થી વધુ બસો દોડાવવા છતાં મુસાફરોની ભીડ ઓછી થતી નથી, છેલ્લા બે દિવસમાં પાંચ હજારથી વધુ લોકોએ એસ.ટી.ની મુસાફરી કરી છે. આ વર્ષે દિવાળીના તહેવારો દરમિયાન ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના તમામ વિભાગ દ્વારા તા.૧૬થી એક્સ્ટ્રા બસોનું સંચાલન હાથ ધરવામાં આવ્યુ છે. અમરેલીથી શ્રમિકો પોતાના વતનમાં દિવાળી ઉજવી શકે તે માટે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. દાહોદ, ગોધરા, ફતેપુરા જતી તમામ એસ.ટી.બસમાં ચિક્કાર ટ્રાફિક જોવા મળી રહ્યો છે.



રોજિંદા ચાલતી બસ દાહોદ, ગોધરાના મુસાફરોથી ભરચક્ક ચાલે છે ત્યારે અમરેલી એસ.ટી.ડિવિઝન દ્વારા વધારાની મુકવામાં આવેલી બસ પણ મુસાફરોથી ચિક્કાર ભરેલી ચાલી રહી છે. અમરેલી એસટી વિભાગ દ્વારા સુરત માટે ૬૦થી વધુ અને પરપ્રાંતિય શ્રમિકોને વતનમાં જવા માટે ૨૫થી વધુ બસ મુકવામાં આવી હોવાથી અનેક લોકલ રૂટની બસ બંધ કરવાની ફરજ પડી છે.

**હજુ બે દિવસ શ્રમિકો માટે વધારાની બસ દોડાવવાની સંભાવના**

અમરેલી જિલ્લામાં ખેતીકામ સહિતના અન્ય વ્યવસાયોમાં શ્રમિકો મોટી સંખ્યામાં કામ કરે છે. જો કે હાલ કપાસ, મગફળીની સિઝન હોવાથી અનેક શ્રમિકો વતનમાં જઈ શક્યા નથી આમ છતાં જિલ્લાના એસ.ટી.ડેપોમાં શ્રમિકોની ભારે ભીડ જોવા મળી રહી છે. જે રીતે શ્રમિકોની ભારે ભીડ છે તેને જોતા અમરેલી એસ.ટી.વિભાગ દ્વારા હજુ બે દિવસ વધારાની બસ દોડાવવી પડે તેવી સંભાવના છે. હાલ તો શ્રમિકો પોતાના વતનમાં દિવાળી ઉજવી શકે તે માટે અમરેલી એસ.ટી.વિભાગે કમર કસી છે.

# ભાઈએ 'દીકરીને વેચી નાખી' હોવાનો આક્ષેપ કરતા આઘાતમાં યુવકે ઝેરી દવા પીધી

**રાજુલાના હિંડોરણા ગામનો બનાવ**

રાજુલા, તા.૧૯

રાજુલાના હિંડોરણા ગામે પારિવારિક વિવાદમાં ભાઈએ કરેલા ગંભીર આક્ષેપથી દુઃખી અને આઘાત પામેલા એક યુવકે ઝેરી દવા પીને આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનું સામે આવ્યું છે. સગા ભાઈઓ વચ્ચે ચાલી રહેલા પોક્સો કેસ બાબતે સમાજના આગેવાનોની હાજરીમાં સમાધાનની બેઠક ચાલી રહી હતી, ત્યારે આ દુઃખદ ઘટના બની હતી. પ્રાપ્ત માહિતી મુજબ, ભોગ બનનાર યુવક પર તેમના જ ભાઈએ પોક્સો એક્ટ હેઠળ કેસ દાખલ કર્યો હતો, જે હાલમાં કોર્ટમાં ચાલી રહ્યો છે. આ કેસમાં સમાધાન કરવા માટે સમાજના આગેવાનો દ્વારા એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

સમાધાનની પ્રક્રિયા ચાલી રહી હતી ત્યારે, ફરિયાદી ભાઈએ ભોગ બનનાર યુવકને ઉદ્દેશીને ગંભીર આક્ષેપ કરતા કહ્યું હતું કે, "તેં મારી દીકરીને વેચી નાખેલ છે." ભોગ બનનાર યુવકને સગા ભાઈ દ્વારા કરવામાં આવેલા આ અસહ્ય આક્ષેપ અને અપમાનથી ઊંડો આઘાત લાગ્યો હતો. આ આઘાતના કારણે ભોગ બનનારે તુરંત જ જાતે ઝેરી દવા પી લીધી હતી. ઘટનાની જાણ થતાં જ હાજર રહેલા લોકોમાં દોડધામ મચી ગઈ હતી અને ભોગ બનનારને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પારિવારિક વિવાદ અને કોર્ટ કેસને કારણે બનેલી આ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ચકચાર જગાવી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ પી.એસ. બાબરીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી પોલીસ સંભારણા દિવસ નિમિત્તે રક્તદાન કેમ્પમાં ૧૩૫૮ બોટલ રક્ત એકત્ર

અમરેલી,તા.૧૯

અમરેલી જિલ્લા પોલીસ અને સુરક્ષા સેતુ સોસાયટી દ્વારા "પોલીસ સંભારણા દિવસ-૨૧ ઓક્ટોબર" અંતર્ગત એક ત્રણ દિવસીય રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. પોલીસ અધિક્ષક સંજય ખરાતની સૂચના હેઠળ, ૧૬, ૧૭ અને ૧૮ ઓક્ટોબરના રોજ જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનોમાં આ કેમ્પ યોજાયો હતો. એસપી સંજય ખરાતે જિલ્લા તાલીમ કેન્દ્ર, પોલીસ હેડ ક્વાર્ટર ખાતે સ્વયં રક્તદાન કરીને કેમ્પનો પ્રારંભ કરાવ્યો હતો અને નાગરિકોને જોડાવા અપીલ કરી હતી. આ આયોજનમાં રેડક્રોસ સોસાયટી સહિત વિવિધ બ્લડ બેંકોનો સહયોગ મળ્યો હતો. ત્રણ દિવસ દરમિયાન અનુક્રમે ૪૮૭, ૪૫૪ અને ૪૧૭ મળીને કુલ ૧૩૫૮ બોટલ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું, કેમ્પ જિલ્લાના અનેક પોલીસ સ્ટેશનો પર યોજાયો હતો.



## અજાણ્યા માણસને લિફ્ટ આપતા પહેલા વિચારજો

# વિજપડી-ડેડાણ રોડ પર લૂંટની સનસનાટીભરી ઘટના, ૬ લૂંટારુઓએ યુવકને નિશાન બનાવ્યો

**બારપટોળી સુધી જવાનું કહીને લિફ્ટ માંગી હતી**

સાવરકુંડલા, તા. ૧૯

સાવરકુંડલાના વિજપડીથી ડેડાણ તરફના માર્ગ પર એક યુવકને લિફ્ટના બહાને રોકી, છ જેટલા અજાણ્યા શખ્સોએ લૂંટ ચલાવ્યાની સનસનાટીભરી ઘટના સામે આવી હતી. લૂંટારુઓ ફરિયાદી પાસેથી રોકડ રકમ અને મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૧૫,૫૦૦ની મત્તા લૂંટી ફરાર થઈ ગયા હતા. બનાવ અંગે મીતીયાળા ગામે રહેતા અને સેન્ટિંગ કામ કરતા સિકંદરભાઈ રહીમભાઈ સૈયદ (ઉ.વ.૩૫)એ અજાણ્યા છ ઈસમો સામે ફરિયાદ નોંધાવી હતી. પ્રાપ્ત વિગતો અનુસાર, તેઓ વિજપડીથી ડેડાણ તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન, સાંજના આશરે સાડા છ વાગ્યાના અરસામાં હિંડોરણા ગામે ધાતરવડી નદીના પુલ પર પહોંચતા એક અજાણ્યા શખ્સે હાથ ઊંચો કરી તેમને રોક્યા હતા. આ શખ્સે જૂની બારપટોળી સુધી જવાનું કહી લિફ્ટ માંગી હતી, જેના પગલે ફરિયાદીએ તેને પોતાની મોટરસાયકલમાં બેસાડ્યો હતો. હિંડોરણાથી ડેડાણ તરફ જતા, સાંજના પોણા સાત વાગ્યાના અરસામાં જૂની બારપટોળીના પાટિયા પાસે પહોંચતા ફરિયાદીની પાછળ બેઠેલા શખ્સે મોટરસાયકલ ઊભું રાખવાનું કહ્યું હતું. તે સમયે પાટિયા પાસે અન્ય બે અજાણ્યા માણસો એક ટુવ્હીલ પાસે ઊભા હતા. મોટરસાયકલ ઊભું રહેતા જ લિફ્ટ લેનાર શખ્સે તુરંત મોટરસાયકલની ચાવી કાઢી લીધી હતી. એટલામાં જ રાજુલા તરફથી અન્ય એક મોટરસાયકલ પર ત્રણ સવારીમાં ત્રણ અજાણ્યા ઈસમો આવી પહોંચ્યા અને ફરિયાદી પાસે ઊભા રહ્યા હતા. આ રીતે કુલ છ અજાણ્યા લૂંટારુઓએ મળી ફરિયાદીને ઘેરી લીધો હતો. ત્યારબાદ છ પૈકીના એક ઈસમે ફરિયાદીને ધમકાવી તેની પાસે રહેલી રોકડ રકમ આપી દેવા જણાવ્યું હતું. આ છમાંથી ચાર શખ્સોએ ફરિયાદીને પકડી રાખ્યો હતો, અને અન્ય એક ઈસમે ફરિયાદીના શર્ટના ડાબા ખિસ્સામાંથી રૂ. ૫૦૦/- રોકડા કાઢી લીધા હતા. આ ઉપરાંત, બીજા એક શખ્સે જમણા ખિસ્સામાંથી રૂ. ૧૫,૦૦૦ ની કિંમતનો મોબાઈલ ફોન પણ લૂંટી લીધો હતો. લૂંટારુઓએ ફરિયાદીને ધક્કો મારી નીચે પછાડી દઈ મૂંઢ ઈજાઓ પણ પહોંચાડી હતી અને ત્યારબાદ તમામ લૂંટારુઓ ફરાર થઈ ગયા હતા. આ સમગ્ર ઘટના એક પૂર્વ નિયોજિત કાવતરા હેઠળ કરવામાં આવી હોવાનું માનવામાં આવે છે. ફરિયાદીની ફરિયાદના આધારે પોલીસે અજાણ્યા લૂંટારુઓ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. રોડ પર જાહેરમાં બનેલી આ ઘટનાને કારણે આસપાસના વિસ્તારમાં ભયનો માહોલ ફેલાયો હતો.

# રાજુલામાં સમર્પણ હોસ્પિટલ પાસેથી બાઈકની ચોરી

**કોવાયા ગામના યુવકે ફરિયાદ નોંધાવી**

રાજુલા, તા.૧૯

રાજુલાના કોવાયા ગામે રહેતો યુવક તેની બાઈક લઈને સમર્પણ હોસ્પિટલ ગયો હતો. જ્યાંથી તેના બાઈકની ઉઠાંતરી થઈ હતી. બનાવ અંગે દેવશીભાઈ અરજણભાઈ લાખણોત્રા (ઉ.વ.૪૨)એ અજાણ્યા ચોર ઈસમ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, રાજુલા મુકામે સમર્પણ હોસ્પિટલ ખાતે તેના ભાઈની દુકાને મોટરસાયકલ લઈને ગયા હતા.

જ્યાંથી તેમની ૧૫ હજારની કિંમતની બાઈક અજાણ્યો શખ્સ ચોરીને જતો રહ્યો હતો. રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.એમ. વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિઃ ચૌદસ
તા. ૨૦-૧૦-૨૦૨૫, સોમવાર, સૂર્યોદય-૦૬:૨૪,
સૂર્યાસ્ત-૦૫:૪૬, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ હસ્ત

## દૈનિક રાશિફળ

**તા.૨૦-૧૦-૨૦૨૫ | સોમવાર**

મેષઃ આજે ભાગ્ય તમને ટેકો આપશે અને કોઈ નવી ડીલથી અચાનક નાણાકીય લાભ મળશે. પરંતુ ટૂંક સમયમાં બધું કાબૂમાં આવશે.

વૃષભઃ આજનો દિવસ શુભ છે અને કોઈ કામમાં સફળતા મળવાથી તમે ખુશ થશો. હાથમાં મોટી રકમ મેળવવાથી સંતોષ રહેશે.

મિથુનઃ આજનો દિવસ તમારા માટે થોડો પરેશાનીવાળો હોઈ શકે છે અને કાર્યક્ષેત્રમાં અધિકારીઓ સાથેની દલીલને કારણે આજે તમારો તણાવ વધી શકે છે.

કર્કઃ આજે મહત્વાકાંક્ષી સ્વભાવવાળા લોકોને વિશેષ લાભ મળશે અને તેમની મનોકામના પૂર્ણ થશે. મુસાફરી પર જવું ફાયદાકારક રહેશે.

સિંહઃ આજે તમારું મન અસ્વસ્થ રહેશે અને તમને કોઈ કામ કરવાનું મન થશે નહીં. આજે તમે કોઈ જૂની વાત વિશે વિચારીને અસ્વસ્થ થઈ શકો છો.

કન્યાઃ આજનો દિવસ મુશ્કેલ રહેશે અને આસપાસનું વાતાવરણ પણ થોડું નકારાત્મક બની શકે છે. તમે તમારા ધૈર્ય અને નરમ વર્તનથી વાતાવરણને હળવું કરી શકશો.

તુલાઃ આજનો દિવસ તમારા માટે ભાગ્યશાળી છે અને તમને તમારા જીવનસાથી અને વ્યવસાયમાં ભાગીદારોનો સહયોગ મળશે.

વૃશ્ચિકઃ આજે તમારા સ્વભાવને કારણે તમારો અડધો દિવસ અન્ય લોકોનું ભલું કરવામાં અને તેમના માટે ભાગદોડમાં પસાર થશે.

ધનઃ આજે મિશ્રિત પરિણામનો દિવસ બની શકે છે. આજે સમાજમાં તમારી છબી સુધરશે અને તમને કંઈક કરવા પ્રેરણા મળશે જે બીજાના હિત સાથે સંબંધિત હશે.

મકરઃ તમારા માટે આજનો દિવસ આનંદદાયક છે. વિદ્યાર્થીઓને આજે સફળતા મળશે અને બેરોજગાર લોકોને પણ આજથી ગમે ત્યાંથી સારા સમાચાર મળી શકે છે.

કુંભઃ આજે તમને સારી સંપત્તિ મળી શકે છે અને ભાગ્ય પણ તમારો સાથ આપી શકે છે. સમાજમાં તમારી રાજ્ય-પ્રતિષ્ઠા વધશે.

મીનઃ આજે દરેક બાબતમાં જીવનસાથીનો સહયોગ મળશે. વેપારમાં તમે જે પણ પ્રયત્નો કરો છો તેમાં આજે તમને સફળતા મળશે.

## ઉદ્‌ઘાટન સમારોહમાં વિધાનસભાના તત્કાલીન નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાની ઉપસ્થિતી

# અમરેલીમાં રાજ્યકક્ષાની ખો-ખો(બહેનો) સ્પર્ધા યોજાઈ

અમરેલી,તા.૧૯

અમરેલીના જેસીંગપરા ખાતે આવેલ તુન્ની વિદ્યામંદિર ખાતે ૬૯ અખિલ ભારતીય શાળાકીય રાજ્યકક્ષા ખો-ખો અં-૧૭, અં-૧૯, અં-૧૪ (બહેનો) સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતના જિલ્લા અને મહાનગરપાલિકામાંથી ખેલાડીઓએ પોતાના જિલ્લાનું પ્રતિનિધિત્વ કર્યું હતું. ગત તા. ૧૧ના રોજ સ્પર્ધાના ઉદ્‌ઘાટન સમારોહમાં વિધાનસભાના તત્કાલીન નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા ઉપસ્થિત રહ્યા હતા અને ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો. તા. ૧૨ના રોજ અં-૧૭ (બહેનો) સ્પર્ધામાં કુલ ૩૯ ટીમ ખેલાડીઓ પોતાના જિલ્લાનું પ્રતિનિધિત્વ કરવા માટે આવ્યા હતા. જેમાં ધારી બગસરા ધારાસભ્ય જે.વી. કાકડીયા ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત તા. ૧૩ના રોજ અં-૧૯ (બહેનો) સ્પર્ધામાં કુલ ૩૬ ટીમ ખેલાડીઓ દ્વારા પોતાના જિલ્લાનું પ્રતિનિધિત્વ કરવામાં આવ્યુ હતું. જેમાં સાંસદ ભરતભાઈ સુતરીયા ઉપસ્થિત રહ્યા હતા અને ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો. તા. ૧૫.૧૦.૨૦૨૫ના રોજ અં-૧૪ (બહેનો) સ્પર્ધામાં કુલ ૩૯ ટીમ ખેલાડીઓએ પોતાના જિલ્લાનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

# સરસીયા ગામેથી બે લીટર દેશી દારૂ પકડાયો

ધારી, તા.૧૯

ધારીના સરસીયા ગામેથી પોલીસે બે લીટર દેશી દારૂ ઝડપી પાડ્યો હતો. ભોંકરવા, જુના ચરખા, જાફરાબાદ, મેઘા પીપળીયા, રાજુલામાંથી પોલીસે કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા શખ્સોને ઝડપી ધોરણસરની કાર્યવાહી કરી હતી. નાગેશ્રીમાંથી એક યુવક વિના પાસ પરમીટે કેફી પીણું પીધેલી હાલતમાં ફરતો મળી આવ્યો હતો.

# સાવરકુંડલાના દોલતી ગામેથી યુવતી લાપતા બની

સાવરકુંડલા, તા.૧૯

સાવરકુંડલાના દોલતી ગામેથી યુવતી ઘરેથી ચાલી નીકળી હતી. શોધખોળ કરવા છતાં કોઈ ભાળ ન મળતાં પોલીસને જાણ કરવામાં આવી હતી. બનાવ અંગે વિનુભાઈ મધુભાઈ પિલુકીયા (ઉ.વ.૩૮)એ જાહેર કર્યા મુજબ, તેમની દીકરી ચેતનાબેન (ઉ.વ.૧૯) દોલતી ખાતેથી કોઈને કહ્યા વગર ક્યાંક જતી રહી હતી અને ઘરે પરત ફરી નહોતી.







## તંત્રી લેખ

# નવા વર્ષમાં રાષ્ટ્રની પ્રગતિનો સૂર્યોદય

અનેક પ્રકારની નકારાત્મક અસર હોવા છતાં આપણો દેશ ઝડપથી પ્રગતિના શિખરો સર કરી રહ્યો છે. ઓપરેશન સિંદુરની સફળતા પછી આપણો દેશ દુનિયા માને છે એના કરતાં હજુ શક્તિશાળી છે તેનો અહેસાસ દુનિયાને થઈ ગયો.

ભારતનું અર્થતંત્ર વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતા મુખ્ય અર્થતંત્રોમાંનું એક છે અને તે વૈશ્વિક સ્તરે ચોથું સૌથી મોટું અર્થતંત્ર બની ચૂક્યું છે. દેશનો વાસ્તવિક જીડીપી (ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ) સતત વૃદ્ધિ પામી રહ્યો છે અને આગામી વર્ષોમાં પણ ૬.૩% થી ૬.૮%ના દરે વિકાસ થવાનો અંદાજ છે, જે ભારતને ૨૦૩૦ સુધીમાં વિશ્વનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બનાવશે. આર્થિક વિકાસના આ પરિવર્તનને આત્મનિર્ભર ભારતની દૂરંદેશી, નિર્ણાયક શાસન અને આર્થિક સુધારાઓના એક દાયકાનું પરિણામ ગણાવી શકાય. ભારતીય અર્થતંત્રનું એક મુખ્ય પાસું તેની મજબૂત સ્થાનિક માંગ અને ગતિશીલ વસ્તી વિષયક પ્રોફાઈલ છે. સેવા ક્ષેત્રનું યોગદાન અર્થતંત્રમાં મહત્ત્વપૂર્ણ રહ્યું છે, અને નિકાસ ક્ષેત્રમાં પણ છેલ્લા દાયકામાં નોંધપાત્ર વધારો થયો છે. એન્જિનિયરિંગ માલસામાન, ઈલેક્ટ્રોનિક્સ અને ફાર્માસ્યુટિકલ્સ સહિતની કુલ નિકાસ ૨૦૨૪-૨૫માં ૮૨૫ અબજ યુએસ ડોલર સુધી પહોંચી છે. વિદેશી પ્રત્યક્ષ રોકાણનો સંચિત પ્રવાહ પણ વધીને ૧.૦૫ ટ્રિલિયન યુએસ ડોલર થયો છે, જે વૈશ્વિક રોકાણકારોનો ભારતમાં વિશ્વાસ દર્શાવે છે.

ડિજિટલ ક્રાંતિએ ભારતીય અર્થતંત્રને નવી ગતિ આપી છે. યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (UPI) દ્વારા થતા ડિજિટલ વ્યવહારોમાં અનેકગણો વધારો થયો છે, જે દેશમાં નાણાકીય સમાવેશ અને પારદર્શિતાને વેગ આપી રહ્યો છે.

વિશ્વભરની રેટિંગ એજન્સીઓ હવે ભારતને પ્રગતિના માર્ગ પર જોઈ રહી છે. **S&P** દ્વારા ભારતના સોવરિન રેટિંગને **'BBB'** માં અપગ્રેડ કર્યા પછી ભારતની મુલાકાત દરમિયાન પેલેકનો આ પહેલો ઈન્ટરવ્યુ હતો. ૧૮ વર્ષમાં કોઈ વૈશ્વિક એજન્સી દ્વારા આ પ્રકારનો આ પહેલો અપગ્રેડ હતો. પેલેકે કહ્યું કે ભૂરાજનીતિ (વૈશ્વિક રાજકીય ઉથલપાથલ) એક મોટો પડકાર છે. પરંતુ ખતરાને બદલે, આ ભારત માટે ઘણા વ્યવસ્થાપિત પડકારોમાંથી એક છે.

ભારતના અર્થતંત્ર વિશે પીએમ મોદીનો વિશ્વને સંદેશ આપતા જણાવ્યું હતું કે ભારતનું રેટિંગ અપગ્રેડ કરવામાં આવ્યું હતું. અમે ભારતની આર્થિક મજબૂતાઈ, સ્થિર નીતિઓ અને ભૌતિક અને ઉર્જા માળખામાં સતત રોકાણના આધારે આ નિર્ણય લીધો છે. અમારા રેટિંગ ભવિષ્યને ધ્યાનમાં રાખીને આપવામાં આવ્યા છે. અમને અપેક્ષા છે કે આ મજબૂતાઈ ચાલુ રહેશે. આ વર્ષે **GDP** વૃદ્ધિ લગભગ ૬.૫% અને આગામી બે વર્ષમાં લગભગ ૭% રહેવાની ધારણા છે, જે વિશ્વની ટોચની ૫ અર્થવ્યવસ્થાઓમાંની એક માટે ખૂબ જ પ્રભાવશાળી છે. તેમણે આશા વ્યક્ત કરી કે ભારત સરકાર તેના ખર્ચને નિયંત્રણમાં રાખશે અને તે નીતિ, ખાસ કરીને ટેરિફ અંગે, સ્થિર રહેશે. ભારતનું મોટું સ્થાનિક બજાર તેને વૈશ્વિક આંચકાઓથી બચાવવામાં મદદ કરે છે. ભારતની યુનાઈટેડ સ્ટેટ્સમાં નિકાસ **GDP**ના માત્ર ૨% હિસ્સો ધરાવે છે. ભૂરાજનીતિ વિશ્વ માટે એક મોટો ખતરો છે. તે બજારની અનિશ્ચિતતા પેદા કરે છે, પરંતુ ભારત માટે, તે ઘણા વ્યવસ્થાપિત પડકારોમાંથી એક છે. તેમણે કહ્યું કે ભારતની ગતિ પ્રભાવશાળી છે, કારણ કે વિશ્વની ટોચની પાંચ અર્થવ્યવસ્થાઓમાંથી માત્ર થોડાએ જ એક દાયકા સુધી લગભગ ૭% ની વૃદ્ધિ ટકાવી શકે છે.

આપણા અર્થશાસ્ત્રીઓ અપેક્ષા રાખે છે કે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (**RBI**) આ વર્ષના અંત સુધીમાં દરોમાં ૦.૨૫% (૨૫ બેસિસ પોઈન્ટ) ઘટાડો કરશે. જેમ જેમ મૂડી અમેરિકામાંથી બહાર નીકળી રહી છે, તેમ તેમ ભારત મજબૂત પરિસ્થિતિઓનો લાભ મેળવતા એક મુખ્ય રોકાણ સ્થળ તરીકે ઉભરી રહ્યું છે. જો કે, જો આ વર્ષના અંતમાં યુએસ દરમાં ઘટાડો ઝડપી થાય છે, તો ભારતનું આકર્ષણ થોડું ઓછું થઈ શકે છે. હાલમાં, વૈશ્વિક રોકાણકારો ભારતને મૂડી માટે સૌથી આકર્ષક સ્થળોમાંના એક તરીકે જુએ છે, જે સ્થિર અને લાંબા ગાળાની વૃદ્ધિની તકો પ્રદાન કરે છે.

# અંધકારમાં ઉજાસ પ્રગટાવવાનું આધ્યાત્મિક રહસ્ય એટલે દિવાળી

સમય અસીમ છે. પરંતુ માનવીનું જીવન સીમિત છે આ સીમિત જીવનમાં પણ જો અજ્ઞાનનો અંધકાર ફેલાયેલો રહે તો જીવનની સાર્થકતા અર્થહીન બની જાય છે. અને આથી જ ભારતીય સંસ્કૃતિમાં ઉત્સવની પરંપરા પ્રાચીન કાળથી શરૂ કરી છે. ઉત્સવનો આનંદ આપણે માનીએ છીએ પરંતુ તેનું આધ્યાત્મિક રહસ્ય પણ જાણવું જરૂરી છે.




દિવાળી, જેને દીપાવલી તરીકે પણ ઓળખવામાં આવે છે, ભારતનો સૌથી પવિત્ર અને પ્રકાશમય તહેવાર છે, જે માત્ર બાહ્ય ઉજવણીનો જ નહીં, પરંતુ ગહન આધ્યાત્મિક મહત્વ ધરાવે છે. આ તહેવારનું આધ્યાત્મિક રહસ્ય મનુષ્યના આંતરિક જગતને પ્રકાશિત કરવાની, અજ્ઞાનના અંધકારને દૂર કરવાની અને આત્મજ્ઞાનના પથ પર આગળ વધવાની પ્રેરણા આપે છે. દિવાળીનું આધ્યાત્મિક રહસ્ય એના પ્રતીકો, પૌરાણિક કથાઓ અને રિવાજોમાં સમાયેલું છે, જે મનુષ્યને પોતાની અંદરની દિવ્યતા શોધવા માટે પ્રોત્સાહિત કરે છે.

દિવાળીનું સૌથી મોટું આધ્યાત્મિક રહસ્ય એ પ્રકાશનું પ્રતીક છે. દીવો, જે દિવાળીનું કેન્દ્રીય તત્વ છે, માત્ર બાહ્ય અંધકારને દૂર કરતો નથી, પરંતુ આંતરિક અજ્ઞાન, અહંકાર અને નકારાત્મક ભાવનાઓના અંધકારને દૂર કરવાનું પણ પ્રતીક છે. હિંદુ દર્શનમાં, અજ્ઞાનને આત્માનો સૌથી મોટો શત્રુ માનવામાં આવે છે, જે મનુષ્યને તેના દિવ્ય સ્વરૂપથી અલગ કરે છે. દિવાળીની રાત્રે દીવા પ્રગટાવવાની પરંપરા આ બાહ્ય અને આંતરિક પ્રકાશનું મહત્વ દર્શાવે છે. દીવાની જ્યોત જ્ઞાન, સત્ય અને શુદ્ધતાનું પ્રતીક છે, જે મનુષ્યને એ સમજ આપે છે કે જેમ નાનો દીવો અંધકારને દૂર કરી શકે છે, તેમ જ્ઞાનનું નાનું કિરણ પણ અજ્ઞાનના ગહન અંધકારને નષ્ટ કરી શકે છે. આથી, દિવાળી એ આત્મમંથનનો તહેવાર છે, જે મનુષ્યને પોતાની અંદરની દિવ્ય ચેતનાને જાગૃત કરવા માટે પ્રોત્સાહિત કરે છે.

દિવાળીની પૌરાણિક કથાઓ પણ આધ્યાત્મિક રહસ્યને ઉજાગર કરે છે. ભગવાન રામની રાવણ પરની વિજયની કથા, જે રામાયણમાં વર્ણવાયેલી છે, એ ધર્મની અધર્મ પરની જીતનું પ્રતીક છે. રાવણ, જે શક્તિશાળી હોવા છતાં અહંકાર, લોભ અને કામનાઓથી ભરેલો હતો, તે મનની નકારાત્મક વૃત્તિઓનું પ્રતીક છે. રામ, જે મર્યાદા પુરુષોત્તમ તરીકે ઓળખાય છે, તે ધર્મ, સત્ય અને નૈતિકતાનું પ્રતિનિધિત્વ કરે છે. રામનો રાવણ પરનો વિજય દર્શાવે છે કે આંતરિક નકારાત્મકતા પર વિજય મેળવવા માટે ધૈર્ય, આત્મસંયમ અને નૈતિક શક્તિની જરૂર છે. આધ્યાત્મિક રીતે, આ કથા મનુષ્યને શીખવે છે કે આપણે આપણા અંદરના "રાવણ" — એટલે કે ઈર્ષ્યા, ક્રોધ, લોભ અને અહંકાર — નો નાશ કરીને આંતરિક શાંતિ અને સત્યના માર્ગે આગળ વધવું જોઈએ. રામનું અયોધ્યા પાછા ફરવું અને લોકો દ્વારા દીવાઓથી સ્વાગત એ આત્માના પોતાના સાચા સ્વરૂપમાં પાછા ફરવાનું પ્રતીક છે.

દેવી લક્ષ્મીની પૂજા દિવાળીનું બીજું મહત્વનું આધ્યાત્મિક પાસું છે. દેવી લક્ષ્મી માત્ર ભૌતિક સંપત્તિની જ નહીં, પરંતુ આધ્યાત્મિક સમૃદ્ધિની પણ દેવી છે. તેમની પૂજા દર્શાવે છે કે સાચી સમૃદ્ધિ ત્યારે જ પ્રાપ્ત થાય છે જ્યારે મનુષ્યનું મન શુદ્ધ, વિચારો સકારાત્મક અને કર્મો નૈતિક હોય. દિવાળીની રાત્રે ઘરની સફાઈ અને રંગોળી બનાવવાની પરંપરા આ આધ્યાત્મિક શુદ્ધતાનું પ્રતીક છે. જેમ ઘરને સાફ કરીને દેવી લક્ષ્મીને આવકારવામાં આવે છે, તેમ મનુષ્યએ પોતાના મનને નકારાત્મક વિચારો, દ્વેષ અને ભયથી મુક્ત કરીને આધ્યાત્મિક સમૃદ્ધિ માટે તૈયાર થવું જોઈએ. દેવી લક્ષ્મીનો સમુદ્ર મંથનમાંથી પ્રગટ થવાનો પ્રસંગ પણ આધ્યાત્મિક રીતે ઊંડો સંદેશ આપે છે. સમુદ્ર મંથન, જેમાં દેવો અને દાનવોએ સાથે મળીને અમૃત મેળવવા માટે પ્રયાસ કર્યો, તે આંતરિક સંઘર્ષનું પ્રતીક છે. આ મંથનમાંથી લક્ષ્મીનો જન્મ દર્શાવે છે કે સતત આત્મચિંતન અને પ્રયાસો દ્વારા જ આધ્યાત્મિક સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે.

દિવાળીનું આધ્યાત્મિક રહસ્ય જૈન અને શીખ ધર્મમાં પણ પ્રતિબિંબિત થાય છે. જૈન ધર્મમાં, દિવાળી ભગવાન મહાવીરના નિર્વાણ સાથે સંકળાયેલી છે, જે આત્માની મુક્તિ અને જ્ઞાનના ઉચ્ચતમ સ્તરનું પ્રતીક છે. દીવો જૈનો માટે આધ્યાત્મિક જાગૃતિનો પ્રકાશ છે, જે મનુષ્યને માયા અને ભૌતિક આસક્તિઓથી મુક્ત થવા પ્રેરે છે. શીખ ધર્મમાં, ગુરુ હરગોવિંદ સિંહજીની મુક્તિ અને બંદી છોડ દિવસ ન્યાય, સ્વતંત્રતા અને આધ્યાત્મિક શક્તિનું પ્રતીક છે. આ ઘટના શીખવે છે કે સાચો આધ્યાત્મિક માર્ગ એ છે જેમાં મનુષ્ય પોતાની સાથે-સાથે અન્યોની પણ મુક્તિ માટે પ્રયત્ન કરે. દિવાળીનો તહેવાર આધ્યાત્મિક રીતે એકતાનો પણ સંદેશ આપે છે. આ દિવસે લોકો એકબીજાને મળે છે, મીઠાઈઓ વહેંચે છે અને શુભેચ્છાઓ આપે છે, જે સામાજિક અને આધ્યાત્મિક એકતાનું પ્રતીક છે. આધ્યાત્મિક દૃષ્ટિએ, આ એકબીજા પ્રત્યે પ્રેમ, કરુણા અને સમજણની ભાવના વધારે છે, જે આત્માને ઈશ્વર સાથે જોડે છે. દિવાળીના ફટાકડા, જે બાહ્ય આનંદનું પ્રતીક છે, તે આંતરિક ઉત્સાહ અને જાગૃતિનું પણ પ્રતીક છે, જે મનુષ્યની ચેતનાને ઉજ્જવળ બનાવે છે. આમ, દિવાળીનું આધ્યાત્મિક રહસ્ય એ છે કે તે મનુષ્યને પોતાની અંદરની દિવ્યતા શોધવા, અજ્ઞાનનો અંધકાર દૂર કરવા અને સત્ય, પ્રેમ અને શાંતિના માર્ગે આગળ વધવા પ્રેરે છે. આ તહેવાર દરેક વ્યક્તિને યાદ અપાવે છે કે સાચો પ્રકાશ બાહ્ય દીવાઓમાં નહીં, પરંતુ આંતરિક જ્ઞાન અને શુદ્ધતામાં રહેલો છે.



**દુનિયામાં ભલે અંધકાર હોય પરંતુ જો દિલમાં દીવો પ્રગટે તો તેનો ઉજાસ અસીમ સીમાને પેલે પાર પહોંચે છે.**




# પ્રકાશ મનમાં પ્રગટે ત્યારે જ સાચી દિવાળી



**મનન ચિંતન**
**ભરત બાવીશી**


દિવાળી એટલે અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જતું પર્વ. દિવાળી આપણને યાદ અપાવે છે કે ઘરની સફાઈ જેટલી જ મનની સફાઈ જરૂરી છે. કારણ કે ધૂળ ફક્ત દીવાલ પર જ નહિ, વિચારો પર પણ ચડે છે. ઘરની સાફસફાઈ કરીએ છીએ, તો મનની ધૂળ પણ સાફ કરવાની જરૂર છે. દિવાળી એટલે દીવાઓનો તહેવાર, પરંતુ દીવો ફક્ત મોમથી નહીં, મનથી પણ પ્રગટે છે. દીવો પ્રગટાવીએ ત્યારે એ ફક્ત ઘરનો અંધકાર દૂર કરતો નથી, એ તો આપણા અંતરનાં અંધકારને પણ ઉજાળે છે. જ્યારે આપણે દીવો પ્રગટાવીએ છીએ ત્યારે એ ફક્ત તેલ અને વાટનો દીવો નથી, એ તો આશા અને વિશ્વાસનો દીવો છે અને સૌથી મહત્વનું એ આપણા અંતરના અંધકારને હટાવવાનો દીવો છે. "જ્યાં દીવો હોય ત્યાં અંધકાર ટકી શકતો નથી, જ્યાં પ્રેમ હોય ત્યાં દ્વેષ ટકી શકતો નથી." આ તહેવાર આપણને શીખવે છે કે જો જીવનમાં પ્રકાશ લાવવો હોય તો મનના ખૂણામાં રહેલ ઉદાસીનતા, અહંકાર અને ઈર્ષા રૂપી અંધકાર દૂર કરવા જરૂરી છે. પ્રકાશ એટલે આશા, વિશ્વાસ અને સકારાત્મકતા. આશા એટલે આવતી કાલ આજ કરતાં સારી હશે, વિશ્વાસ એટલે ભગવાન અને શ્રમ પર અડગ આસ્થા, અને સકારાત્મકતા એટલે દરેક સ્થિતિમાં પ્રકાશ શોધવાની દૃષ્ટિ. દિવાળી આપણને શીખવે છે કે "જીવનના દરેક અંધકારને હરાવવા માટે એક નાનો દીવો પૂરતો હોય છે, જો એ દીવો શ્રદ્ધા અને પ્રેમથી પ્રગટાવ્યો હોય." જૂના મનદુઃખ, અહંકાર અને ઈર્ષ્યાના કણો દૂર કરીને સંબંધોને નવી ચમક આપીએ, એ જ સાચી દિવાળી. મીઠાઈ, ફટાકડાં અને શણગાર વચ્ચે થોડી ક્ષણો માટે વિચારીએ કે, અસલ આનંદ કઈ રીતે જન્મે છે? જ્યારે આપણે કોઈના ચહેરા પર સ્મિત લાવીએ, કોઈ જરૂરિયાતમંદને મદદનો હાથ આપીએ, ત્યારે દિવાળી ફક્ત ઘરમાં નહીં, પરંતુ હૃદયમાં ઉજવાય છે. દિવાળી પછી આવતું નૂતન વર્ષ એટલે નવી શરૂઆતનો શંખનાદ. જૂની ખોટો-ભૂલોના અધ્યાય બંધ કરીને, નવી આશાઓની કેડી પકડવાનો સમય. દિવાળી પછી નવી આશાઓ, નવા સંકલ્પો અને નવા સ્વપ્નો લઈને નૂતન વર્ષ શરૂ થાય છે. નવા વર્ષનો અર્થ ફક્ત તારીખ બદલાવ નહિ પણ, વિચાર બદલાવનો છે.

"સમય બદલાય છે, વર્ષ બદલાય છે, પણ જે બદલાતું નથી એ છે, માણસના સારા વિચારો અને શ્રદ્ધા." નવા વર્ષે આપણે સૌએ એક સંકલ્પ કરવો જોઈએ અપમાન નહીં, પરંતુ આદર આપવાનો. દુઃખ નહીં, પરંતુ દિલાસો આપવાનો. ફરિયાદ નહીં, પરંતુ ફરજ નિભાવવાની ભાવના રાખવાનો. આવતું વર્ષ દરેકના જીવનમાં પ્રકાશ, પ્રગતિ અને પ્રેરણાનું વર્ષ બની રહે એ જ શુભેચ્છા. તમારું ઘર, તમારું હૃદય અને તમારું જીવન સુખના અજવાળે ઝળહળતું રહે. જૂના દિવસોને રડીને નહિ, પરંતુ નવા દિવસોને હસીને સ્વીકારો. "દીવા પ્રગટાવો ફક્ત દીવાલ પર નહીં, પણ વિશ્વાસના દીવા પ્રગટાવો હૃદયની દિવાલ પર." દિવાળી અને નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ!

આવતું વર્ષ દરેકના જીવનમાં પ્રકાશ, પ્રગતિ અને પ્રેરણાનું વર્ષ બની રહે તથા તમારું ઘર ખુશીઓથી, મન શાંતિથી અને જીવન સમૃદ્ધિથી જળહળતું રહે એ જ દિવાળી અને નવા વર્ષની શુભકામના. પ્રકાશ, પ્રેમ અને પ્રેરણાથી ભરેલું જીવન મળે, એ જ ઈશ્વરચરણમાં પ્રાર્થના. જય શ્રી કૃષ્ણા.

**હું નવો સંકલ્પ લઉં છું નવા વર્ષમાં, એટલું ચાહું વિતે**
**અન્યના ઉત્કર્ષ, પ્રેમ, શ્રદ્ધા, લાગણી, સંવેદના,**
**સંસ્કારિતા, આટલું ભરચક રહે અવિરત કેશ પર્સમાં,**
**એકસરખી દશા તો કાયમ નથી રહેવાની પણ, એકસરખું**
**વલણ હોય હર્ષ કે તકલીફમાં,**
**ભલે ખૂટી જાય જે કંઈ છે એ બધું,**
**બસ એક હિંમત ખૂટે નહિ આકરા સંઘર્ષમાં,**
**કૈક તારું કૈક મારું પણ બધું એનું જ છે,**
**આ ભરોસો આ સમાજ કેળવું નિષ્કર્ષમાં.**

# ગામડા કરે છે સાદ...આવો વ્હાલા આજ



**ઝાકળનું એક બિંદુ**
**હિરેન હિરપરા**

આજે પ્રકાશનું પર્વ એટલે દિવાળી અને પછી નવલું નૂતન વર્ષ સર્વે વાંચકોને દિવાળી અને નવા વર્ષની શુભેચ્છાઓ. "ભમવા'તા ડુંગરા ને જોવી'તી કોતરો" વર્ષોના વહાણા વહ્યા ગયા અને દિવાળીના દિવસોમાં ગામડાઓમાં ડેલીએ લાગેલા અલીગઢી તાળાઓ ખુલવા લાગ્યા, જે ગામના પાદરે વડીલોની જમાવટ રહેતી એ ગામના પાદરો સુના થવા લાગ્યા. જ્યાં લાગણીઓથી તહેવાર સાથે ઉજવાતા, સુખ અને દુઃખમાં ગામ આખું ભેગુ થતું તેને આજે નજર કોની લાગી? ગામડાઓ ભાંગવાના કારણો શું? એ.સી. વાળી ઓફિસોમાં બેસતા માયા, મમતા વિહોણા અફસરોને શું ખબર હોય કે ગામડું શું કહેવાય, ગામડાઓના ભોળા માનવીઓના મનને મારવાનું કામ રાજકારણીઓ અને ભ્રષ્ટાચારથી ખદબદતી લોકશાહીના અફસરોએ કર્યું છે. ખેર જવા દો, જ્ઞાતિ, જાતિના નામે લડતા અને "મારે શું" કહેતા લોકોને સુતા રહેવા દો કારણ કે જાગશે તો પણ કરશે શું ? વ્યસનનો ભોગ બની ચૂકેલું યુવા ધન શું કરશે?

"કચ્છ નહી દેખા તો કુછ નહિ દેખા."

આજે કચ્છનાં ગામડાઓ, કચ્છની આધુનિક ખેતી, કચ્છના ધંધા, વ્યવસાય, ઉદ્યોગો તમામ ક્ષેત્રમાં કચ્છ નામના ધરાવે છે. ત્યારે કદાચ કચ્છ ફરવા જવાનું થાય તો ભૂજ પાસે આવેલા કુકમા ગામમાં અવશ્ય જજો. અહિં શ્રી રામકૃષ્ણ ટ્રસ્ટ દ્વારા ૨૦૦૬થી ગામડાઓની સંસ્કૃતિ, પ્રકૃતિ, કૃષિ અને ગાય માટે સેવાનો યજ્ઞ શરૂ કરવામાં આવ્યો છે. હિન્દુસ્તાનનો આત્મા ગામડું છે અને હિન્દુસ્તાનનો શ્વાસ એ ખેતી છે. આ બન્ને આજે વેન્ટીલેટર ઉપર આવી ગયા છે. તેને ઉગારવા માટે જેમ લોકભારતીની સંસ્થાઓ કામ કરતી હતી, એ જ રીતે આ સંસ્થા કામ કરી રહી છે.

ગાય આધારિત પ્રાકૃતિક ખેતી અને સંશોધન, વિસ્તરણ, ગૌશાળા, પ્રાકૃતિક ખેતી, ગ્રામોદ્યોગ, હસ્તકલા અને મૂલ્યવર્ધન કાર્ય દ્વારા ખેતીને જીવંત કરવા સાથે સ્વરોજગારીના માધ્યમથી રોજગારીની વિશાળ તકોનું સર્જન કરવું, પરસ્પર પરાવલંબનથી સુખ, સમૃધ્ધિ સાથે જીવી શકે અને દરેકને ગામડા અને પ્રકૃતિમાં શુધ્ધ હવા, શુધ્ધ પાણી, શુધ્ધ ખોરાક મળી રહે તે બધાનો માનવીય અધિકાર છે. આ અધિકારને જીવંત કરવાનું કામ સંસ્થા કરી રહી છે.

ખેડૂતોના સંતાનો ખેતી છોડીને રોજગારી માટે મહાનગરોમાં સ્થળાંતર કરી રહ્યા છે પરંતુ સ્વરોજગારીનો ઉત્તમ પાયો એ ગામડું છે. ગામડાઓને શહેરની હવા જરૂર લાગી છે પણ શહેરોમાં આજે સંસ્કારોને લુણો લાગી ગયાના કિસ્સાઓ રોજબરોજ આવે છે ત્યારે આ સંસ્થા દ્વારા દર મહિનાની તારીખ. ૧૨/૧૨/૧૪ ત્રણ દિવસીય નિઃશુલ્ક કૃષિ શિબિરો રાખવામાં આવે છે. જેમાં ખેતીનું જ્ઞાન, ગાય આધારિત પ્રાકૃતિક ખેતીની માહિતી અને માર્ગદર્શન પ્રેકટીકલ આપવામાં આવે છે. તે પણ રહેવા-જમવાની વ્યવસ્થા સાથે વિનામૂલ્યે છે. અત્યાર સુધીમાં ૧૧૮ શિબિરો થઈ છે. દરેક બેંચમાં ૩૦થી ૫૦ વ્યક્તિઓ હોય છે.




આ ઉપરાંત વ્યવસાયલક્ષી તાલીમો જેવી કે પંચગવ્ય આયુર્વેદ આધારિત ઉદ્યોગો, ગોબર હેન્ડીક્રાફ્ટ ઉદ્યોગો, પ્રાકૃતિક ખાતરો, ગૌશાળા અને પ્રાકૃતિક ખેતી, ખેતી આધારિત ઉદ્યોગો અને તાલીમ, મૂલ્યવર્ધન સહિતની સ્વરોજગારલક્ષી તાલીમ રહેવા-જમવાની વ્યવસ્થા સાથે વિનામૂલ્યે આપવામાં આવે છે. સંસ્થાનો હેતુ ગામડું, ગાય અને ખેતી સમૃધ્ધ બનવા જોઈએ. અહિં ગ્રામ ઉદ્યોગની તાલીમ પણ આપવામાં આવે છે. લુહાર, સુથાર, કુંભાર એ ગામડાઓની કરોડરજ્જુ છે. એ લોકો ગામડું છોડીને ચાલ્યા પછી ખેતી અને ખેડૂતો પણ વ્યવસાય છોડીને જઈ રહ્યા છે. ત્યારે સુથારીકામ, લુહારીકામ, કુંભારીકામ અને ખેત ઉત્પાદનના મૂલ્યવર્ધનની તાલીમ વિનામૂલ્યે સંસ્થા આપે છે. આજે આ સંસ્થામાં ૩૦૦ ગાયો છે. અહિં સ્વદેશી મોલમાં ૧૦૦થી વધુ પ્રોડક્ટ્સ મળે છે. ગાય, ખેતી અને પ્રકૃતિને સ્વાધિન કુરુકૂળ શિક્ષણ વ્યવસ્થા છે. અહિં પ્રકૃતિ મંદિર છે. ખરા અર્થમાં આધુનિક ભારતનું ગામ આ સંસ્થા છે. અહિં જવા જેવુ ખરૂ.

માહિતી સ્ત્રોત શૈલેન્દ્રસિંહ જેઠવા મો.૯૪૨૬૫ ૮૨૮૧૦.

**:: તિખારો ::**

**તમારૂ ચારિત્ર્ય, તમારા સંસ્કારો ઉજળા હશે, તમારા વિચારો આદર્શ હશે તો કદાચ તમને મેડલ, સન્માન, હોદ્દો આજે નહિ મળે તો ચાલશે, વટ-ભેર જીવી શકાશે. પરંતુ તમારૂ ચારિત્ર્ય, સંસ્કાર અને વિચારો નબળા હશે તો મળેલું પણ બધુ ગુમાવતા વાર નહિ લાગે.**

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# વાર્ષિક રાશિ - ભવિષ્ય વિક્રમ સંવત - ૨૦૮૨



દિપાલી ડાકવાલા
( જ્યોતિષાચાર્ય )



## મેષ રાશિ

- **આરોગ્ય :** આગામી વર્ષ દરમિયાન તમારું આરોગ્ય મધ્યમ રહેશે. નવેમ્બરથી જાન્યુઆરી-૨૬ દરમિયાન આરોગ્યની વિશેષ કાળજી રાખવી. પડવા-વાગવાથી સાચવવાની સાથે બ્લડ પ્રેશર, પેટની તકલીફ, લોહી વિકાર બાબતે ધ્યાન રાખવું. માર્ચથી મે દરમિયાન નાની અમથી તકલીફને જરા પણ અવગણ્યા વિના સારા દાક્તરને બતાવવું, ને આરોગ્યનું પૂરતું ધ્યાન રાખવું. તણાવમુક્ત બની પૂરતી ઊંઘ લેવાનું રાખો. ઘરના વડીલોના આરોગ્ય બાબતે આંખ આડા કાન ન કરવા. જૂનથી સપ્ટેમ્બર દરમિયાન નાની-નાની તકલીફોથી ખાસ સાચવવું. જૂનો રોગ તમને સતાવી શકે, પરંતુ સારવારથી તેમાં ઘણી રાહત મળશે.
- **પરિવાર :** આગામી વર્ષ મિશ્ર ફળ આપનારું બની રહેશે. નવેમ્બરથી જાન્યુઆરી-૨૬ દરમિયાન મંગળની દ્રષ્ટિ કુટુંબસ્થાનમાં રહેતા પરિવારમાં નાની અમથી વાતમાં મતભેદ કે નાની-મોટી ચડભડ થઈ શકે છે. જો ખોટી જીદ કે વિવાદથી બચશો તો કોઈ વાંધો નહીં આવે. ક્યારેક તણાવનો સામનો કરવો પડી શકે છે. માર્ચ પછી પરિવારના વડીલોનો સહયોગ મળવાની સાથે પ્રેમ અને સમજ વધુ ગાઢ બનતા પારિવારિક એકતા જળવાશે. બહારગામ કે વિદેશ જવાના યોગ છે. ઘરના કોઈ વડીલને બીમારીમાંથી રાહત મળતી જણાય. નવેમ્બર પછી સંતાનોની પ્રગતિની સારી તક જણાય છે. અપરિણીત માટે લગ્નની તક આવતી જણાય છે.
- **કેરિયર :** એપ્રિલ-મે દરમિયાન કોઈ ખોટા પ્રલોભનમાં ફસાવ નહીં તેની કાળજી રાખવી. એપ્રિલથી જૂન દરમિયાન સરકારી ક્ષેત્રમાં સંકળાયેલા લોકોને કોઈ મુશ્કેલી આવી શકે, ત્યારે ધીરજથી કામ લેવું. નોકરિયાત વર્ગને પ્રમોશનમાં અવરોધ આવે. ખંત અને પ્રામાણિકતાથી કામ કરશો તો કામ-ધંધામાં લાભ જણાશે. સગાં-સંબંધીના સલાહ-સૂચનથી ચેતીને ચાલવું. તમારા પરિશ્રમ પ્રમાણે તમને ફળ મળશે. સપ્ટેમ્બર-નવેમ્બર દરમિયાન કામ-ધંધાના વિકાસ માટે કોઈ નવું આયોજન કરી શકશો.
- **નાણાં :** આગામી વર્ષ દરમિયાન તમારું આર્થિક પાસું મિશ્રિત રહેશે. શનિની દ્રષ્ટિ ધનસ્થાન પર રહેતી હોવાથી ખર્ચ પર અંકુશ રાખવો પડશે. માંગલિક અને વ્યવહારિક પ્રસંગોમાં ખર્ચ વધે. એકના ડબલની લાલચથી દૂર રહેવું. શેરમાં નાણાં રોકવામાં તકેદારી રાખવી. જુલાઈ-ઓગસ્ટમાં આવકમાં ઘટાડો થઈ શકે. મકાન, વાહન કે ભૌતિક સુખના સાધનોની ખરીદીમાં સફળતા મળે. આગામી વર્ષ બચત માટે મંદ રહેશે, પણ પછી સારું પરિણામ મળશે. તમારી મહેનત અનુસાર આર્થિક દશા જાળવી શકશો. કોઈ જાતનું રોકાણ કરતાં પહેલાં સો વાર વિચારજો, પૂરતી જાત તપાસ કર્યા પછી જ રોકાણ કરજો અન્યથા રોકાણ કરવાનું ટાળજો.
- **પ્રેમ :** પ્રેમની બાબતમાં આગામી વર્ષ સારું રહી શકે છે. જૂની સમસ્યા કે નાની-નાની વાતમાં થતી નારાજગી સાવ ઓછી થશે. મે ૨૦૨૬ પછી તમે તમારી લવ લાઈફનો સાચો આનંદ માણી શકશો. જૂની સમસ્યા દૂર થવાથી તમે રાહતનો શ્વાસ લઈ શકશો, સાથોસાથ નવા સંબંધો ડેવલપ થવાના યોગ પણ બને છે.
- **મહિલા વર્ગ :** મહિલા વર્ગ માટે વર્ષ મધ્યમ પસાર થશે. નોકરિયાત મહિલાઓને મુશ્કેલીનો સામનો કરવો પડે.
- **વિદ્યાર્થી વર્ગ :** વિદ્યાર્થી વર્ગ માટે વર્ષ મધ્યમ રહેશે. અભ્યાસમાં વધુ મહેનત કરવી પડે. ખોટી સોબતથી દૂર રહેવું.
- **સારાંશ :** વર્ષ દરમિયાન શનિ ૧૨મા સ્થાને હોવાથી શનિની પનોતી લોખંડના પાયે છે. નાણાં સહિત દરેક બાબતે સાવધ રહી કામ કરવું. નોકરિયાતને વધુ બલિદાન આપવું પડે. ઉપરીથી સંભાળીને ચાલવું. હરીફ વર્ગથી કોઈ મુશ્કેલી આવી શકે. નાણાં વ્યવહારમાં સાચવીને આગળ વધવું. માર્ચથી મે દરમિયાન સંતાનોના આરોગ્ય બાબતે સાચવવું. દાંપત્યજીવન એકદંરે સારું રહેશે, પણ તમારે થોડું જતું કરવાની ભાવના રાખવી પડશે.
- **શુભ દિવસ :** મંગળવાર
- **શુભ અંક :** ૭ - ૯
- **શુભ રંગ :** લાલ
- **શુભ-અશુભ તારીખ :** શુભ તા.- ૨, ૩, ૧૧, ૧૨, ૧૩, ૨૧, ૨૨, ૨૯, ૩૦, ૩૧ અશુભ તા.- ૧૯, ૨૦, ૨૩, ૨૪, ૨૭, ૨૮
- **ઉપાય :** (૧) લાલ ફળ, ફૂલ કે કપડાનું દાન કરવું. (૨) સૂર્યનારાયણને જળ ચડાવવું. (૩) પક્ષીઓને ચણ અને ગાયને ઘાસ નીરવું.



## વૃષભ રાશિ

- **આરોગ્ય :** આગામી વર્ષ મિશ્ર ફળદાયી બની રહેશે. વર્ષ દરમિયાન નાની-મોટી શારીરિક તકલીફ રહ્યા કરે. નવેમ્બરથી ફેબ્રુઆરી, ૨૬ દરમિયાન વાયરલ ઈન્ફેક્શનથી ખૂબ સાચવવું. કફ-શરદીની સમસ્યા રહ્યા કરે. એ ઉપરાંત જાન્યુઆરી-માર્ચ દરમિયાન અકસ્માતથી પણ સાચવવું. માર્ચથી મે,૨૬ દરમિયાન તમારા માતા-પિતાના આરોગ્ય બાબતે સવિશેષ કાળજી રાખવી. તમારા સંતાનને કોઈ જૂની સમસ્યા સતાવતી જણાય, તેનું નિદાન કરાવવું. જીવનસાથીના આરોગ્યની ચિંતા રહ્યા કરે, સામાન્ય તકલીફમાં પણ જરૂરી નિદાન-સારવાર કરાવવાં. યોગ-કસરતની સાથે સાત્ત્વિક ભોજન લેશો તો સ્વાસ્થ્ય સારી રીતે જાળવી શકશો.
- **પરિવાર :** આગામી વર્ષ દરમિયાન પરિવાર સાથે સારી રીતે ગૃહસ્થી જીવન જીવી શકશો. એમાં 'ય નવેમ્બરથી ફેબ્રુઆરી,૨૬ દરમિયાન જીવનસાથી સાથે મુક્તમને ખુશી-આનંદથી જીવનને માણી શકશો. દંપતી માટે યાત્રા-પ્રવાસ શક્ય બની શકે. અગાઉની કોઈ સમસ્યા હોય તો તેનું સુખદ નિવારણ આવે. જો કે, પરિવાર સામે નાના-નાના પડકાર આવે, પણ તમે તેને ધીરજ અને શાંતિથી પાર પાડી શકશો. તમારા સલાહ-સૂચનને તમારો પરિવાર માનશે, તમે પણ તમારા પરિવારની ઈચ્છા મુજબ ચાલવાની કોશિશ કરશો તો પરિવારમાં એકતા, સંપ જળવાઈ રહેશે. વર્ષાન્તે તમારા અને વડીલોના વિચારોમાં મતભેદ પડી શકે છે.
- **કેરિયર :** ધંધા-વ્યવસાય કે નોકરીની દ્રષ્ટિએ આગામી વર્ષ સારું નીવડે. સાહસિક કામમાં સફળતા મળે. નવેમ્બરથી જાન્યુઆરી, ૨૬ દરમિયાન ભાગીદારીના કામકાજમાં પ્રગતિની સાથે આવકની વૃદ્ધિ થાય. અટવાયેલા નાણાં પરત મેળવી શકશો. ફેબ્રુઆરી પછી કોઈપણ કાર્ય માટે તમે સક્ષમ બની અવરોધને પાર પાડી શકશો. નોકરિયાત વર્ગને ફરજમાં વધારો થાય, ઉપરી અધિકારીને ખુશ રાખી શકશો. બઢતી સાથે પગાર વધારો પણ મળશે. નોકરી શોધતાં લોકોને કામ-ધંધો કે નોકરી મળી રહે. પણ જે નોકરી મળે તેમાં તમારે મહેનત વધારે કરવી પડશે. એટલે સખત મહેનતની તૈયારી રાખીને જ નવી નોકરી શોધવી.
- **નાણાં :** વ્યવસાયિક કાર્યોમાં ધાર્યા કરતાં વધારે ખર્ચ થાય. નાણાંભીડ જણાતી રહે. મૂડી-રોકાણમાં નફાને બદલે નુકસાન ના થાય તેનું વિશેષ ધ્યાન રાખવું. મે-જૂન દરમિયાન આવી પડેલા આર્થિક નુકસાનને પહોંચી વળવા ખૂબ પ્રયત્ન કરવા પડે. કોઈપણ જાતની લેવડ-દેવડમાં ખાસ સાચવવું. કોર્ટ-કચેરીમાં ચાલતા કોઈ કેસમાં ખર્ચ થાય. જોકે તમે તમારા પરિશ્રમથી વધારાની આવક પણ મેળવી શકશો. કોઈપણ જાતનું મૂડી-રોકાણ કરવું હિતાવહ નથી. માર્ચ ૨૬થી મે દરમિયાન વેપાર-ધંધાની ઉઘરાણીમાં સાવચેત રહેવું, શક્ય હોય ત્યાં સુધી ઉધારમાં માલ ના આપવો કે કામના નાણાં બાકી ના રાખવા. બચત કરવી જરૂરી છે.
- **પ્રેમ :** પ્રેમ બાબતે પ્રેમી સાથે ગેરસમજ હશે તો જૂન પછી દૂર થશે. પ્રેમસંબંધમાં દ્રષ્ટિકોણ સારો થતો જશે. માર્ચ પછી પ્રેમસંબંધમાં ઘટ આવી શકે. જો પ્રેમ વાસ્તવિક અને સાચો હશે, લગ્નની ઈચ્છા હશે તો તક મળશે. પણ ટાઈમપાસ હશો તો પ્રેમમાં તિરાડ પડી શકે છે. એટલે આગામી વર્ષ મિશ્ર ફળદાયી બની રહેશે.
- **મહિલા વર્ગ :** મહિલા વર્ગ માટે એકંદરે વર્ષ મિક્ષ ફળદાયી રહેશે. માતા-પિતાની તબિયતનું સવિશેષ ધ્યાન રાખવાની જવાબદારી આવશે.
- **વિદ્યાર્થી વર્ગ :** વિદ્યાર્થી વર્ગને વધુ પરિશ્રમ કરવો પડે, પરિશ્રમના પ્રમાણમાં સફળતા ઓછી મળે. ઉચ્ચ ડિગ્રી મળી રહેશે.
- **સારાંશ :** વર્ષ દરમિયાન ૧૧મા સ્થાને ભ્રમણ કરતો શનિ શુભ ફળ આપશે. મંદ ગતિના લીધે સફળતા પણ ધીમી મળે. ભાઈ-ભાંડુ સાથે વૈચારિક મતભેદ રહે. જોઈતી આર્થિક મદદ મળે. લાંબા ગાળાના રોકાણથી લાભ મળશે. એપ્રિલ-જૂનમાં આર્થિક પ્રગતિમાં અવરોધ આવે, પણ સાથીના ભાગ્યથી આર્થિક લાભ મળે. માર્ચથી મે દરમિયાન ખોટું નાણાં રોકાણ ના થાય અને ઉઘરાણી ના ફસાય તેનું ધ્યાન રાખવું. વડીલોના આરોગ્યની ચિંતા સતાવે, તેમાં બેદરકારી ન દાખવવી.
- **શુભ દિવસ :** શુક્રવાર
- **શુભ અંક :** ૬
- **શુભ રંગ :** સફેદ
- **શુભ-અશુભ તારીખ :** શુભ તા.- ૭, ૮, ૧૬, ૧૭, ૧૮, ૨૫, ૨૬ અશુભ તા.- ૪, ૫, ૨૩, ૨૪, ૨૭, ૨૮, ૩૧
- **ઉપાય :** (૧) ગાયને નિયમિત રોટલી ખવડાવવી. (૨) શનિવારે હનુમાન મંદિરે પૂજા-પાઠ કરવા. (૩) મંગળ અને શનિના જપ કરવા.



## મિથુન રાશિ

- **આરોગ્ય :** વર્ષના મધ્યમાં નાની-નાની બીમારી આવી શકે. એમાં કાયમી બીમારીને અવગણવી નહીં, દવા નિયમિત લેશો તો જીવનનો આનંદ માણી શકશો. નવેમ્બરથી જાન્યુઆરી દરમિયાન ડાયાબિટીસ, બીપી, કોઈ એલર્જી કે પેટની તકલીફ થઈ શકે. જાન્યુઆરી ૨૬ પછી આરોગ્યની વિશેષ કાળજી રાખવી. ફેબ્રુઆરીથી એપ્રિલ દરમિયાન પડવા-વાગવાથી સાચવવું. ખાણી-પીણીમાં બહુ સાવધાની રાખવી. મેથી જુલાઈ દરમિયાન માનસિક અશાંતિ રહ્યા કરે. જો તમને કોઈ વારસાગત બીમારી હોય તો તાકીદે તેની સારવાર-દવા કરાવવી. સંતાનને આંખની તકલીફ થઈ શકે છે, સમયાંતરે આંખોનું ચેક-અપ કરાવતાં રહેવું.
- **પરિવાર :** પરિવાર સાથે સુખ-શાંતિથી જીવન વિતાવવું, જોકે જવાબદારીમાં વધારો થશે. પરિવાર પાછળ ખર્ચ પણ વધી શકે. જીવનસાથી સાથેના વાદ-વિવાદમાં સમાધાનકારી વલણથી પ્રેમમાં વૃદ્ધિ થશે. ભાઈ-ભાંડુ સાથે વિવાદની શક્યતા રહેશે, તમે જતું કરશો તો સંબંધને સાચવી શકશો. માર્ચથી મે દરમિયાન ભાઈભાંડુંની તબિયત સાચવવી. નોકર-ચાકર વર્ગથી સંભાળવું. જીવનસાથીના આરોગ્યની સંભાળ રાખવી. પિતા અને સંતાનો સાથેની વાતચીતમાં ધ્યાન રાખવું. મે સુધી પારિવારિક સંબંધોમાં થોડો કચવાટ જણાય. પારિવારિક નિર્ણયમાં પરિવારના દરેક સભ્યનો મત લઈ લો, પછી ફાઈનલ નિર્ણય કરશો તો સારું નિવડશે.
- **કેરિયર :** કેરિયર બાબતે મિશ્ર પરિણામ મળે. નાની-મોટી કઠિનાઈને અંતે તમે તમારા ધાર્યા લક્ષ્ય સુધી પહોંચી શકશો. આ સમયગાળા દરમિયાન નોકરી-ધંધામાં પ્રમોશનની શક્યતા જણાય છે. માર્ચથી ઓગસ્ટ દરમિયાન થોડી કઠિનાઈઓ વધી શકે છે, તેમાં તમે ઈમાનદારીથી કામ કરશો તો નોકરી સુરક્ષિત રાખી શકશો. વર્ષ દરમિયાન કઠિનાઈનો સામનો કરવો પડશે, પરંતુ સખત પરિશ્રમને અંતે પરિણામ તમારા પક્ષમાં આવતું જણાશે. ઉચ્ચ અભ્યાસ કરી શકશો. જેમને ઓફિસ બહારની જોબ છે, તેઓને મહેનત પ્રમાણે ફળ મળતું રહેશે. સ્પર્ધાત્મક પરીક્ષામાં રસ ધરાવતા હોવ તો પરીક્ષા આપી સરકારી નોકરી મેળવી શકશો.
- **નાણાં :** કર્મસ્થાનનો શનિ વધુ પરિશ્રમ કરાવશે, છતાં જોઈતી સફળતા નહીં આપે. ગુરૂની દ્રષ્ટિ કાર્યસ્થાને હોઈ, કાર્યમાં સફળતા મળશે. સખત પરિશ્રમથી ધંધા-વ્યવસાયમાં આવક વધારી શકશો. નવેમ્બરથી જાન્યુઆરી, ૨૬ દરમિયાન ખર્ચ પર અંકુશ રાખવા નાણાં વ્યય અટકાવવો પડશે. કાર્યક્ષેત્રમાં ઉપરીનો સહયોગ મળી રહે. જાન્યુઆરી ૨૬ની શરૂઆતથી જ આવક બાબતે સજાગ થવું પડશે, જુલાઈ પછી આર્થિક સધ્ધરતામાં ધીમે-ધીમે વૃદ્ધિ થતી જણાશે. નોકરીમાં બઢતી મળી શકે. કામકાજ માટે વિદેશયોગ બને છે. નોકરી ઈચ્છતા લોકોને નોકરી મળી રહેશે. જુલાઈથી સપ્ટેમ્બર દરમિયાન ભૌતિક સુખની વસ્તુઓ ખરીદી શકાશે.
- **પ્રેમ :** પ્રેમ બાબતે આગામી વર્ષ મિશ્ર ફળ આપનારું રહેશે. માર્ચ ૨૬ સુધી સાચા પ્રેમીજનોને કોઈ તકલીફ નહીં આવે, પરંતુ છળકપટ કરનારાને તકલીફ પડી શકે. મે પછી પરસ્પર ગેરસમજ થઈ શકે, તેથી વિશ્વસનીયતા જાળવવી. એકમેકને વફાદાર રહેશો તો વાંધો નહીં આવે, નહીંતર પ્રેમમાં ભંગાણ પડી શકે છે.
- **સારાંશ :** શનિનું સાતમા સ્થાનમાં ભ્રમણ હોઈ, તમને બહુ પરિશ્રમ કરાવશે. કામ-ધંધામાં ધીરજ રાખીને આગળ વધવું. હંગામી ધંધામાં મૂડી-રોકાણમાં સાચવવું. શક્ય હોય તો લોન લેવાનું ટાળવું, હપ્તા ભરવામાં સમસ્યા આવી શકે. મેથી જુલાઈ દરમિયાન કામ-ધંધામાં વિશેષ ધ્યાન આપવું. પ્રવાસમાં ખોટા ખર્ચા ન થાય તેનું ધ્યાન રાખવું. ખાણી-પીણી અને પ્રવાસ જેવી બાબતમાં ઘરના નાનાં-મોટાં સૌનો અભિપ્રાય લીધા પછી જ નિર્ણય લેશો તો પ્યાર, લાગણીમાં વૃદ્ધિ થશે.
- **મહિલા વર્ગ :** આંતરિક જીવનમાં તકલીફ રહે. પારિવારિક એકતા સારી રહે. નોકરિયાતને બઢતી મળે.
- **વિદ્યાર્થી વર્ગ :** આગામી વર્ષ પ્રગતિકારક રહેશે. ઉચ્ચ અભ્યાસ માટે વિદેશના સપનાં સાકાર કરી શકશો, પણ અભ્યાસમાં વધુ ચીવટ રાખવી પડશે.
- **શુભ દિવસ :** બુધવાર
- **શુભ અંક :** ૫
- **શુભ રંગ :** લીલો
- **શુભ-અશુભ તારીખ :** શુભ તા.- ૭, ૮, ૧૬, ૧૭, ૨૫, ૨૬ અશુભ તા.- ૪, ૫, ૨૩, ૨૪, ૨૭, ૨૮, ૩૧
- **ઉપાય :** (૧) દુર્ગા સપ્તશતીના પાઠ કરવા. (૨) ઘરમાં તુલસીનો છોડ વાવવો (૩) પક્ષીઓને લીલા મગની ચણ નાખવી.





## કર્ક રાશિ

- **આરોગ્ય :** આગામી વર્ષ દરમિયાન નાની-મોટી શારીરિક તકલીફ રહ્યા કરે. નવેમ્બરથી જાન્યુઆરી ૨૬ દરમિયાન ત્વચા રોગ, બ્લડ પ્રેશર, એલર્જી, પેટ વિકાર, ફૂડ પોઈઝનિંગથી સાચવવું. સંતાનોના આરોગ્ય બાબતે કાળજી રાખવી. જાન્યુઆરી પછી તમારા આરોગ્યમાં સુધારો થાય, પણ માર્ચથી મે દરમિયાન કોઈપણ શારીરિક તકલીફને નજરઅંદાજ ના કરવી. જો તમને મોંઢા કે જાંઘની સમસ્યા હશે તો તે બાબતે જાગૃત રહેવું પડશે, નહીંતર સમસ્યા વકરી શકે છે. માર્ચ પછી ધીમે ધીમે તમારી બધી સમસ્યા દૂર થશે. જો કોઈ કાયમી બીમારી હોય તો ખાસ સાચવવું. તમે તનાવમુક્ત રહેશો તો આરોગ્યમાં સ્વસ્થતા અનુભવી શકશો.
- **પરિવાર :** આગામી વર્ષ મિશ્ર ફળદાયી બની રહેશે. જાન્યુઆરી ૨૬ પછી કુટુંબમાં કોઈ વિવાદ ઊભો ના થાય તેનું ધ્યાન રાખવું. તમારી વાણીથી કોઈ વિવાદ ના થાય તેનું ધ્યાન રાખવાની સાથે જતું કરવાની ભાવના રાખવી નહીંતર પરિવાર વિભાજિત થઈ શકે છે, માટે પરિવાર સાથે બહુ સાવધાનીપૂર્વક રહેવું. માર્ચથી મે દરમિયાન સંતાનો માટે પ્રતિકૂળ સમય હોઈ, વિશેષ કાળજી રાખવી. મે-જૂનમાં ભાઈ-ભાંડુ સાથેના વ્યવહારમાં સાચવવું. કોઈ કાનૂની સમસ્યા ઊભી ના થાય તે જોવું. જૂન પછી કુટુંબમાં થયેલી ગેરસમજ કે અગાઉના પ્રશ્નોનું નિરાકરણ આવે. નવેમ્બર પછી કૌટુંબિક સમસ્યાઓ વધે, તેથી ધીરજથી કામ લેવું.
- **કેરિયર :** આગામી વર્ષ દરમિયાન થોડું સારું તો થોડું નરસું ફળ મળી શકે છે. એપ્રિલથી જૂન દરમિયાન નોકરીમાં અસંતુષ્ટિ રહી શકે છે. એ પછી સંતુષ્ટિ મળી શકે છે. જુલાઈમાં સારું પરિણામ મળી શકે છે, જૂન પછીનો સમય બહુ સારો અને અનુકૂળ બની રહેશે. આ દરમિયાન તમને નોકરી પરિવર્તનની ઈચ્છા હશે તો કરી શકશો. જૂન પછીની સ્થિતિ થોડી કઠિનાઈવાળી બની રહે, પરંતુ વિદેશમાં કે ઘરથી દૂર નોકરી કરનારાઓને આ ગાળામાં સારું પરિણામ મળી શકે છે. ખોટી રીતે વિદેશ જવાના મોહમાં ન રહેતા, નહિતર કાનૂની સમસ્યા આવી શકે છે. કાયદાકીય તમામ પ્રોસિજર પતાવીને જ અભ્યાસ કરવા જવાનું વિચારજો.
- **નાણાં :** આગામી વર્ષ આર્થિક દ્રષ્ટિએ મધ્યમ રહેશે. બીજા સ્થાને ભ્રમણ કરતા કેતુના કારણે આર્થિકની સાથે શારીરિક-કૌટુંબિક ચિંતા વધી શકે. વર્ષની શરૂઆતમાં સાંસારિક તકલીફ આવતી જણાય. નાણાંનું રોકાણ કરવામાં ખૂબ સાવધાની રાખવી. કોઈ નિષ્ણાતની સલાહ-સૂચન લઈને જ આગળ વધવું. મૂડી- રોકાણમાં લાભ થશે. નવેમ્બરથી ફેબ્રુઆરી દરમિયાન કૌટુંબિક આવકમાં વૃદ્ધિ થાય. આવક સામે જાવક પણ એટલી જ વધે, એટલે ખર્ચ પર નિયંત્રણ રાખવું. જાન્યુઆરી ૨૬ પછી આર્થિક સમસ્યા વધી શકે છે. બીમારી પાછળ વધુ ખર્ચ ના થાય માટે પહેલાંથી જ સૌનું આરોગ્ય સાચવવું. જુલાઈ પછી ફાયદો જોવા મળશે.
- **પ્રેમ :** તમારી લવ લાઈફ મિશ્ર ફળ આપી શકે છે. મે ૨૬ સુધીના ગાળામાં ગેરસમજ ઊભી થઈ શકે છે, જો કે એ ગેરસમજ તમે આસાનીથી દૂર કરી શકશો. પ્રેમમાં મુશ્કેલી આવશે પણ જલ્દી જતી પણ રહેશે. તમારી ભૂલ તમને નુકસાન પહોંચાડી શકે. નિઃસ્વાર્થ પ્રેમને વળગી રહેશો તો બિલકુલ વાંધો નહીં આવે.
- **મહિલા વર્ગ :** મહિલા વર્ગ માટે વર્ષ પરીક્ષારુપ બની રહેશે. કૌટુંબિક શાંતિ માટે ધીરજપૂર્વક જીવન જીવવું. ગેરસમજ કે વિવાદ ના થાય તે જોવું.
- **વિદ્યાર્થી વર્ગ :** વિદ્યાર્થી વર્ગ માટે વર્ષ સારું રહેશે. ઉચ્ચ અભ્યાસની સુવિધા મળી રહે. અંગત મિત્રો સાથે સાવધાનીથી વર્તવું.
- **સારાંશ :** વર્ષ દરમિયાન શનિ નવમા સ્થાને ભ્રમણ કરતો હોઈ, અગત્યના કામમાં વિલંબ જણાશે. અંગત સંબંધોમાં નાની-મોટી તકલીફ આવે, તેથી ધીરજથી કામ લેવું. વિરોધી લાગતી વ્યક્તિઓ પાસે કળથી કામ લેવું. આર્થિક વ્યવહારમાં સાવચેતી રાખવી. ભાઈ-ભાંડુ સાથેના વિચારોમાં મતભેદ રહે. નોકરી બદલવી હિતાવહ નથી. જુલાઈ ૨૬થી નવેમ્બર દરમિયાન કામકાજમાં પ્રગતિ જણાય. ફસાયેલા નાણાં પરત મળે. નવા કામ-ધંધા માટે અનુકૂળ સમય છે.
- **શુભ દિવસ :** સોમવાર
- **શુભ અંક :** ૨ - ૬
- **શુભ રંગ :** વાદળી
- **શુભ-અશુભ તારીખ :** શુભ તા.- ૯, ૧૯, ૧૧, ૨૦, ૨૭, ૨૮ અશુભ તા.- ૨, ૩, ૬, ૭, ૮, ૨૫, ૨૬, ૨૯, ૩૦, ૩૧
- **ઉપાય :** (૧) મહામૃત્યુંજયના જાપ કરવા. (૨) દરરોજ સવારે સૂર્યનારાયણને જળ ચઢાવવું.

# મુંબઈથી બિહાર જઈ રહેલી ટ્રેનમાં બે મુસાફરો નીચે પટકાતા કરૂણ મોત

## પોલીસે આકસ્મિક મૃત્યુ અંગે તપાસ શરૂ કરી

મુંબઈ, તા.૧૯

મુંબઈના લોકમાન્ય તિલક ટર્મિનસથી બિહાર જઈ રહેલી કર્મભૂમિ એક્સપ્રેસમાં એક મોટી દુર્ઘટના ઘટી છે.

નાસિક રોડ રેલવે સ્ટેશન નજીક ચાલુ ટ્રેનમાંથી ત્રણ મુસાફરો નીચે પટકાયા હતા, જેમાંથી બેના ઘટનાસ્થળે જ કરુણ મોત થયા હતા, જ્યારે એક વ્યક્તિ ગંભીર રીતે



ઘાયલ છે. પોલીસના જણાવ્યા અનુસાર, આ ભયાનક અકસ્માત ભુસાવલ તરફ જતા રેલવે ટ્રેક પર થયો હતો. મૃતક બંને યુવકોની ઉંમર ૩૦થી ૩૫ વર્ષની વચ્ચે હોવાનું અનુમાન છે. ત્રીજા મુસાફરને ગંભીર હાલતમાં જિલ્લા સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. હાલ ત્રણેય મુસાફરોની ઓળખ થઈ શકી નથી. પોલીસે આ મામલે આકસ્મિક મૃત્યુનો કેસ નોંધીને તપાસ શરૂ કરી દીધી છે.

# ભારતમાં ૨૦૨૮ સુધીમાં એર ટેક્સીઓ ઉડાન ભરશે, દિલ્હીથી પ્રારંભ

## ૩ કલાકને બદલે માત્ર ૧૦થી ૧૨ મિનિટમાં પહોંચી શકાશે

ન્યુ દિલ્હી,તા.૧૯

ભારતમાં ૨૦૨૮ સુધીમાં એર ટેક્સીઓ ઉડાન ભરવા લાગશે. તે ગમે ત્યાંથી ઉડાન અને લેન્ડ કરી શકે છે. પંજાબના મોહાલી ખાતે સ્ટાર્ટઅપ, નલવા એરોએ સ્વદેશી eVTOL (ઈલેક્ટ્રિક વર્ટિકલ ટેક-ઓફ અને લેન્ડિંગ) એર ટેક્સી વિકસાવી છે. ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (DGCA)



એ તેને ડિઝાઈન ઓર્ગેનાઈઝેશન એપ્રુવલ (DOA) સર્ટિફિકેટ આપ્યું છે. IGI એરપોર્ટથી આનંદ વિહાર, નોઈડા, ગાઝિયાબાદ અને પાણીપત જેવા સ્થળોએ રોડ દ્વારા મુસાફરી કરવામાં એક થી ત્રણ કલાક લાગે છે. eVTOL એર ટેક્સી ૧૦ થી ૧૨ મિનિટમાં પહોંચી જશે. IGI એરપોર્ટથી આનંદ વિહારનું પ્રારંભિક ભાડું પ્રતિ વ્યક્તિ આશરે રૂ.૫૦૦ હોવાનો અંદાજ છે. દિલ્હી પછી, આ ફ્લાઈટ્સ મુંબઈ, કોલકાતા અને બેંગલુરુ સહિત અન્ય મેટ્રો શહેરોમાં પણ શરુ થશે.

# વાર્ષિક રાશિ - ભવિષ્ય વિક્રમ સંવત - ૨૦૮૨



દિપાલી ડાકવાલા
( જ્યોતિષાચાર્ય )

## સિંહ રાશિ

- **આરોગ્ય :** આગામી વર્ષ દરમિયાન આરોગ્યમાં કોઇ બેદરકારી નહિં ચાલે. ચંચળ વિચારસરણીના કારણે માનસિક અસ્થિરતા રહે. કેતુ દેહસ્થાને અને શનિ આઠમા સ્થાને ભ્રમણ કરતા હોઇ, આરોગ્ય બાબતે પૂરતી સજાગતા રાખવી. વર્ષ દરમિયાન નાની-નાની તકલીફ સતાવતી જોવા મળે, તેમાં જરાય બેદરકારી ન દાખવવી. તમારા સ્વભાવમાં ચીડિયાપણું આવે, તમે જીદ્દી બની શકો. નવેમ્બરથી જાન્યુઆરી ૨૬ દરમિયાન વડીલવર્ગનું આરોગ્ય સાચવવું. ફેબ્રુઆરીથી માર્ચ દરમિયાન સંતાનોનું આરોગ્ય સાચવવું. એસીડીટી, પેટ-ત્વચાના રોગોથી સાચવવું. ડ્રાઇવિંગ કરવામાં સવિશેષ કાળજી રાખવી. નિયમિત કસરતથી ઘણાં લાભ થશે.
- **પરિવાર :** આગામી વર્ષ દરમિયાન ઘરના સભ્યો વચ્ચેના મતભેદ મનભેદમાં ના પરિણમે તેનું ધ્યાન રાખવા સાથે ''લેટ ગો''ની ભાવના રાખવી. સહનશીલતા અને ધીરજ રાખી આગળ વધવું. ડિસેમ્બરથી ફેબ્રુઆરી ૨૬ દરમિયાન વડીલ વર્ગ તરફથી આર્થિક-નૈતિક સહયોગ સારો મળે. જાન્યુઆરી-ફેબ્રુઆરી ૨૬ દરમિયાન સંતાનોના જીવનમાં ચડતી-પડતી આવે. જીવનસાથી સાથે નાની અમથી બાબતમાં ગેરસમજ ઊભી ના થાય તેનું ધ્યાન રાખવું. માર્ચ સુધી પરિવાર સાથે ચડભડ થઇ શકે છે. તમારી વાતચીતની રીત થોડી કડક થઇ શકે છે, જેની અસર સંબંધો પર પડી શકે છે. માર્ચ પછી સંબંધોમાં ઘણો સુધાર આવતાં, બધું સારું થવા માંડશે.
- **કેરિયર :** નોકરીની દ્રષ્ટિએ માર્ચ ૨૬ સુધીનો સમય તમારી અપેક્ષા કરતાં ઘણો સારો રહેશે, તે પછી થોડો સમય કઠિનાઇમાં કાઢવો પડે. મે પછી સારું પરિણામ મેળવી શકશો, પણ તેના માટે તમારે સખત મહેનત કરવી પડશે. જે લોકોને ઓફિસ બહારની નોકરી છે તેમને તેમની મહેનત પ્રમાણે ફળ મળતું રહેશે. સ્પર્ધાત્મક પરીક્ષામાં પણ અનેકવાર તક મળી શકે છે, કેમ કે તે પરીક્ષામાં સફળતાના અવકાશ જોવા મળે છે. તે માટે તમારે કદાચ હાલના વસવાટનું સ્થળ છોડવું પણ પડે, જો તમે સ્થાન પરિવર્તનની તૈયારી રાખશો તો તે તમારા હિતમાં લેખાશે.
- **નાણાં :** આગામી વર્ષમાં વ્યવહારિક જવાબદારી વધતાં ખર્ચમાં વધારો થાય. નવેમ્બરથી જાન્યુઆરી ૨૬ દરમિયાન વાહન-મકાનનાં અટકેલાં કાર્ય પૂરાં થતાં, તેના પેટે ખર્ચ થાય. ડિસેમ્બર પછી આવકના માધ્યમમાં વૃદ્ધિ થતાં આવક વધવા પામે. તમે કરેલા કોઇ મૂડી રોકાણથી ફાયદો થતો જણાય. વડીલ વર્ગ દ્વારા આર્થિક લાભની આશા રહે. તમારો ઉતાવળિયો નિર્ણય તમને આર્થિક નુકસાન ન કરાવે તેનું ધ્યાન રાખવું. ફેબ્રુઆરી-એપ્રિલ દરમિયાન નોકરિયાત વર્ગને આવકમાં થોડા ઘટાડાના યોગ છે. ભાગીદારીમાં થોડી તકલીફ આવતી જણાય. માર્ચથી એપ્રિલ દરમિયાન નાણાં ખેંચ કે આકસ્મિક નુકસાન ના થાય તે અંગે સાવધ રહેવું.
- **પ્રેમ :** પ્રેમની બાબતમાં આગામી વર્ષમાં મે માસ સુધી પ્રેમમાં ધીમી ચાલ રહેતી જણાશે. જ્યારે મે પછી તમારા પ્રેમસંબંધોમાં વધુ અનુકૂળતા મળી રહેશે. પરિણામ સ્વરુપે દિનપ્રતિદિન પ્રેમમાં વૃદ્ધિ જોવા મળશે. એમાંય જે લોકો લગ્નના ઉદ્દેશથી પ્રેમમાં જોડાયેલાં હશે, શક્ય હશે તો તેમની મનોકામના પૂર્ણ થશે.
- **મહિલા વર્ગ :** દાંપત્યજીવનમાં અસંતોષ કે વિચારોમાં મતભેદ જોવા મળે. સમજી-વિચારીને બોલવા-ચાલવાથી નિરાકરણ લાવી શકશો.
- **વિદ્યાર્થી વર્ગ :** અભ્યાસમાં રુચિ ઘટે, પરીક્ષામાં વધુમાં વધુ મહેનત કરવી પડે. ક્યારેક ધાર્યું પરિણામ ના પણ મળે. આત્મવિશ્વાસ ટકાવીને આગળ વધવું.
- **સારાંશ :** વર્ષ દરમિયાન શનિ આઠમા સ્થાનમાં ભ્રમણ કરતો હોઇ, નાની પનોતી લોખંડના પાયે હોઇ, પરિશ્રમ વધુ કરવો પડે. આર્થિક, માનસિક અને શારીરિક સમસ્યા વધે. વારસાગત બીમારીથી સાચવવું. નવેમ્બરથી જાન્યુઆરી દરમિયાન એક્સિડન્ટથી સાચવવું, ડ્રાઇવિંગમાં સાવધાની રાખવી. સંતાનોના કામમાં વિલંબ થતો જણાય. ઉઘરાણીમાં કળથી કામ લેવું. મે-જૂનમાં આરોગ્યની વધુ કાળજી રાખવી. ભાગીદારીમાં મનદુઃખ કે ગેરસમજ ના થાય તે જોવું.
- **શુભ દિવસ :** રવિવાર
- **શુભ અંક :** ૭
- **શુભ રંગ :** કેસરી
- **શુભ-અશુભ તારીખ :** શુભ તા.- ૨, ૩, ૧૨, ૧૩, ૨૧, ૨૨, ૨૯, ૩૦
અશુભ તા.- ૪ , ૫, ૬, ૯, ૧૦, ૨૭, ૨૮
- **ઉપાય :** (૧) સૂર્યનારાયણને જળાભિષેક કરવો. (૨) ગાયત્રી મંત્રનો જાપ કરવો.

## કન્યા રાશિ

- **આરોગ્ય :** આગામી વર્ષમાં આરોગ્ય સ્વસ્થ-અસ્વસ્થ રહે. કોઇપણ જાતના ઇન્ફેક્શનથી સાચવવું. એ માટે ખાણી-પીણીમાં બહુ ધ્યાન રાખવું. બાહ્ય ખાણી-પીણી સાવ ટાળવી. માથાનો દુઃખાવો કે માનસિક સમસ્યામાં સાચવવું. જુલાઇ-નવેમ્બર દરમિયાન માતા-પિતાની તબિયત સાચવવી. માર્ચ-જૂન દરમિયાન છાતી, પેટની તકલીફ જણાય તો તાકીદે સારા ડોક્ટરને બતાવવું. મે-જૂનમાં જીવનસાથીના આરોગ્ય પર વિશેષ ધ્યાન આપવું. યાત્રા-પ્રવાસમાં પડવા વાગવાથી સાચવવું. સ્વાસ્થ્ય સાચવીને કામકાજ કરવું. જો મોટી સમસ્યા લાગે તો મેડિકલ રિપોર્ટ કરાવ્યા પછી સારવાર કરવી, રિપોર્ટ કરાવ્યા વિના ખોટી ચિંતા ના કરવી.
- **પરિવાર :** આગામી વર્ષમાં ભાઇ-ભાંડુ તરફથી સારા સહયોગ સાથે આર્થિક લાભ મળે. નવેમ્બરથી જાન્યુઆરી દરમિયાન ભાઇ-ભાંડુ સારી ઉન્નતિ સાધી શકે. જાન્યુઆરી ૨૬ પછી પારિવારિક સુખમાં વૃદ્ધિ જોવા મળે. માતા-પિતા તરફથી સારો સહયોગ મળે. જીવનમાં ઘણા પડકાર આવશે, પણ ધીરગંભીર રહી તમામ પડકારને પાર પાડી શકશો. દાંપત્યજીવનમાં નાની બાબતમાં ચડભડ થયા કરે, પણ અંતે સુખદ નિવેડો આવે. કોઇપણ સંબંધમાં થયેલી ગેરસમજનું જલ્દી નિરાકરણ લાવવું, લાંબો સમય ટકવા ના દો. મે-જુલાઇ દરમિયાન દાંપત્યજીવનમાં સમસ્યાઓ વધી શકે, જેથી પહેલાંથી જ સાવચેતી રાખવી.
- **કેરિયર :** ગત વર્ષની સરખામણીએ આગામી વર્ષમાં મુશ્કેલીમાં ઘટાડો થશે. માર્ચ ૨૬ પછી બધી પરેશાનીનો અંત આવશે અને નવશક્તિ સાથે તમારા સપનાં સાકાર કરવામાં લાગી જશો. વાકપટુતાનો સદુપયોગ કરી, નોકરી-ધંધામાં ઉત્તમ પ્રદાન કરી શકશો. વાત-ચીતમાં માહેર લોકો માટે દરેક ક્ષેત્રમાં સફળતાનો યોગ બને છે. સહકર્મી સાથે સંયમથી કામ કરવું. નોકરીમાં બદલાવ માટે આગામી વર્ષ ઉત્તમ રહેશે. ગત વર્ષની તુલનામાં આગામી વર્ષ સારું નિવડશે. નોકરીમાં રાહત અનુભશો. એકની એક નાની નોકરીમાંથી બહાર આવી, નવી નોકરી શોધો, નહિતર નાની નોકરીમાં જ જીંદગી જશે, કોઇ મોટી નોકરીની તક મળે તો છોડશો નહીં.
- **નાણાં :** વર્ષ દરમિયાન તમે તમારી મહેનત અને આવડત અનુસાર આર્થિક પ્રગતિ કરી શકશો. તમે વેપાર-ધંધા-નોકરીમાં જેટલું સારું પ્રદાન કરશો, તેટલો તમને સારો આર્થિક લાભ મેળવી બચત પણ કરી શકશો. વર્ષની શરુઆતથી માંડી મે માસ સુધીમાં પૈસા મેળવવાની અનુકૂળતા બની રહેશે. એ પછી જુલાઇ સુધીમાં તમે સારી એવી બચત પણ કરી શકશો. વર્ષ દરમિયાન અનુકૂળ પરિણામ મેળવી શકશો. આ વર્ષ આર્થિક પાસાંને મજબૂત કરાવનારું નિવડશે. જો કે, સાથોસાથ તમારે જરુરી બચત પણ કરવી જ પડશે, કેમ કે નાણાં ભીડ વખતે તમારી કરેલી બચત જ તમને ઉગારશે.
- **પ્રેમ :** પ્રેમ બાબતે જેમને સહકર્મી સાથે પ્રેમ થયો હશે, તેમને પ્રેમમાં સારી અનુકૂળતા મળી રહેશે. માર્ચ પછી પ્રેમમાં દેખાડો કરનારને તકલીફ આવી શકે. સાચા પ્રેમીઓને કોઇ તકલીફ નહીં પડે. મે માસ પછી તમે તમારી લવ લાઇફનો આનંદ માણી શકશો. પરિવારની આનાકાની પછી પ્રેમલગ્ન પણ કરી શકશો.
- **મહિલા વર્ગ :** કન્યા, મહિલા વર્ગ માટે સુખાકારી સારી રહે. જીવનસાથી સાથે મતભેદ રહે. ગુસ્સામાં કંટ્રોલ કરવો, જિદ્દી વલણ અશાંતિનું કારણ બની રહેશે.
- **વિદ્યાર્થી વર્ગ :** વિદ્યાર્થીઓ માટે અન્ય પ્રવૃતિમાં ધ્યાન ન આપતા અભ્યાસમાં જ વધારે ધ્યાન આપશો તો ઇચ્છિત સફળતા મેળવી શકશો.
- **સારાંશ :** શનિ સાતમા સ્થાનમાં ભ્રમણ કરતો હોય ભાગીદારીમાં સાવધાની રાખવી, નવી ભાગીદારી ન કરવી કે મોટું રોકાણ પણ ન કરવું. દાંપત્યજીવનમાં મનદુઃખના પ્રસંગ બને, પરિવારને અનુકૂળ રહેશો તો વાંધો નહીં આવે. કોર્ટ કચેરીના કામમાં મુશ્કેલી વધતી જણાય, આર્થિક ટેન્શન રહે. મોટા પ્રલોભનોમાં આવી ન જવાય તે જોવું. સોશિયલ મીડિયાની કોઇ જાહેરાતમાં આવી જઇ કોઇ પ્રકારનો નાણાકીય વ્યવહાર ના કરવો, નહિતર નાણાં ગુમાવવાનો વારો આવી શકે.
- **શુભ દિવસ :** બુધવાર
- **શુભ અંક :** ૧ - ૬ - ૭
- **શુભ રંગ :** લીલો
- **શુભ-અશુભ તારીખ :** શુભ તા.- ૪, ૫, ૧૪, ૧૫, ૧૬, ૨૩, ૨૪
અશુભ તા.- ૨, ૩, ૭, ૮, ૧૧, ૧૨, ૧૩, ૨૯, ૩૦
- **ઉપાય :** (૧) મહામૃત્યુંજયના જાપ કરવા (૩) ઇષ્ટદેવનું નામ સ્મરણ કરવું.

## તુલા રાશિ

- **આરોગ્ય :** આગામી વર્ષ દરમિયાન રાહુ પાંચમા સ્થાનમાં, શનિ છઠ્ઠા સ્થાનમાં હોવાથી નાની-નાની બીમારીથી સાચવવું. પડવા-વાગવાથી ખાસ સાચવવું. ફેબ્રુઆરીથી એપ્રિલ દરમિયાન ગળું, પેટ-મોં સંબંધી કોઇ તકલીફ આવી શકે છે. શરુઆતમાં સ્વાસ્થ્યનું ખૂબ ધ્યાન રાખવું જરુરી, પછી ધીમે ધીમે બધું ઠીક થતું જશે. જો કે, વર્ષ દરમિયાન નાની-નાની તકલીફો તો આવતી જ રહેશે. પણ એના નિવારણમાં ધ્યાન આપશો તો એ તકલીફ મોટું રુપ ધારણ નહીં કરે. બાહ્ય ખાણી-પીણીથી ખૂબ સાચવવું, નહિતર પેટની કે આંતરડાંની સમસ્યા ઉદભવી શકે છે. સંતાનોના આરોગ્યમાં સવિશેષ કાળજી રાખવી.
- **પરિવાર :** આગામી વર્ષમાં પારિવારિક સુખાકારી સારી રહે. માતા-પિતાનો સાથ મળે. જાન્યુઆરી ૨૬ પછી ભાઇ-ભાંડુના વ્યવહારમાં સાચવવું. વૈચારિક મતભેદ હશે તો તે દૂર થશે. જૂના કે અટકેલાં પ્રશ્નોનું નિરાકરણ આવતા સુખ-શાંતિ વધે. જાન્યુઆરી પછી ભાઇ-ભાંડુના જીવનમાં શુભ-માંગલિક કાર્ય આવી શકે. જીવનસાથી સાથે પ્રવાસનું આયોજન થાય. ફેબ્રુઆરી-એપ્રિલ દરમિયાન માતા-પિતા સાથે વૈચારિક મતભેદ ઊભા થાય, નિરાકરણ પણ ઝડપથી આવે. સંતાનોમાં કોઇ ઘર્ષણ ના થાય તે જોવું. જૂન-ઓગસ્ટમાં દંપતીના વિચારોમાં મતભેદ જોવા મળે. વડીલોમાં કોઇ બીમારી હોય તો જુલાઇ પછી આરોગ્યમાં સુધારો થાય.
- **કેરિયર :** વર્ષ દરમિયાન થોડી-ઘણી સમસ્યાઓને અંતે પણ ઉન્નતિના માર્ગ તમારા માટે ખુલતાં જણાશે. વર્ષની શરુઆતથી એપ્રિલ માસ સુધીમાં તમારી નોકરીની મજબૂતાઇ વધતી જણાશે, જો કે એ માટે તમે પૂરતો પરિશ્રમ કરશો તો તમારું કામ બનતું જણાશે. ઉપરી અધિકારીઓ તમારા કામથી પ્રસન્ન થશે. કંપનીનું સામર્થ્ય અને તમારી મહેનત મુજબ તમારી બઢતી શક્ય બની રહે. તમને ક્યારેક નાની-નાની નોકરીઓને અંતે લાંબી તપશ્ચર્યા પછી સારી નોકરી મળવાના યોગ છે, માટે નોકરીના કિસ્સામાં પાછીપાની ના કરતા કે હિંમત ના હારતા. પાર્ટ ટાઇમની સારી નોકરી હોય તો પણ અપનાવવામાં વિલંબ ના કરશો.
- **નાણાં :** આગામી વર્ષ આર્થિક રીતે વધુ લાભદાયી નીવડે. જોકે, ખર્ચમાં કાળજી રાખવી પડે. નવેમ્બરથી જાન્યુઆરી દરમિયાન તમારી આવકમાં વધારો થાય કે આવકનો નવો સ્ત્રોત ઊભો કરી શકો. ભાઇ-ભાંડુના સહકારથી કામ-ધંધામાં સારી પ્રગતિ થાય. એપ્રિલથી ભાગ્યબળ મજબૂત બનતાં તમે તમારા સપનાં સાકાર કરી શકો, પણ વધુ મેળવવાની લાલચમાં ખોટા નિર્ણય ના લેવાઇ જાય તેનું ધ્યાન રાખવું. નહિતર બકરું કાઢતાં ઊંટ પેંસવા જેવું થશે. ફેબ્રુઆરીથી માર્ચ દરમિયાન વડીલવર્ગ તરફથી આર્થિક લાભ મેળવી શકશો. માર્ચથી મે દરમિયાન સંતાનોના કોઇ નિર્ણયથી આર્થિક નુકસાન સહન કરવું પડે.
- **પ્રેમ :** કેટલાંકને પ્રેમમાં સફળતા તો કેટલાંકને નિષ્ફળતા મળી શકે છે. આ રીતે પ્રેમ એ મિશ્ર પરિણામ આપનારો બની રહેશે. તમે પ્રેમમાં તો કદાચ સફળ નીવડશો, પરંતુ પ્રેમલગ્નમાં તમને ધારી સફળતા મળે તેમ જણાતું નથી. માટે પ્રેમલગ્ન કરતાં પહેલાં અનેકવાર વિચારીને લગ્નનું પગલું ભરજો. જેથી પસ્તાવું ના પડે.
- **મહિલા વર્ગ :** નોકરિયાતને કાર્ય સ્થળે મતભેદ જણાય. લક્ષ્ય મેળવવા અથાગ પ્રયત્ન કરવા પડે. હિતશત્રુની ચાલમાં ફસાવાય નહીં તે જોવું.
- **વિદ્યાર્થી વર્ગ :** અભ્યાસમાં વધુ ધ્યાન આપવું. મિત્રોના રવાડે ચડી સમયનો દુરુપયોગ ન થાય તે જોવું. સખત પરિશ્રમથી સારું પરિણામ મેળવી શકશો.
- **સારાંશ :** ધંધા વ્યવહારમાં પ્રગતિ. રોકાણમાં આર્થિક લાભ. નવા ધંધાનું આયોજન કરી શકશો. જૂની બીમારી ગંભીર ના બને તે જોવું. સંતાનોના ભાવિની ચિંતા રહે, તે માટે તેમના કેરિયરનું સમયસરનું આયોજન તેમને સફળતા અપાવશે. આવકમાં વૃદ્ધિ થાય, પણ અવિચારી ખર્ચ ના થઇ જાય તેનું ધ્યાન રાખવું. સપનાં સાકાર કરવામાં લોભ કે લાલચ ના આવી જાય તે જોવું. ભાગીદારીમાં ધંધો-વ્યવસાય કરવામાં અનેકવાર વિચારીને જ આગળ વધવું.
- **શુભ દિવસ :** શુક્રવાર
- **શુભ અંક :** ૮ - ૧૦
- **શુભ રંગ :** વાદળી
- **શુભ-અશુભ તારીખ :** શુભ તા.- ૭, ૮, ૧૭, ૧૮, ૨૫, ૨૬
અશુભ તા.- ૪, ૫, ૯, ૧૦, ૧૧, ૧૪, ૧૫, ૩૧
- **ઉપાય :** (૧) શનિવારે હનુમાનદાદાને તેલ-સિંદૂર ચડાવવું (૨) સોમવારે મહાદેવને અને પીપળે પાણી ચઢાવવું.

## વૃશ્ચિક રાશિ

- **આરોગ્ય :** પાંચમા સ્થાને શનિ ભ્રમણ હોવાથી શારીરિક માનસિક તકલીફનો સામનો કરવો પડે. નવેમ્બરથી ફેબ્રુઆરીના સમયગાળા દરમિયાન માનસિક તણાવ રહે. માતા-પિતા કે ઘરના વડીલોના આરોગ્યની કાળજી રાખવી. ખાણી-પીણીમાં અનિયમિતતા કોઇ શારીરિક તકલીફ ઊભી કરી શકે છે. ડાયાબિટીસ, બીપી, ગેસ કે વાયુ, હાઇ બીપી જેવી સમસ્યાઓમાં સાવચેતી રાખવી જરુરી છે. સંતાનોને પણ નાની-નાની સમસ્યાઓ સતાવી શકે, તે માટે ચાંપતા ઉપાય કરવા. માનસિક ચિંતા, તણાવનો સમાનો કરવો પડે. તમારી કોઇ જૂની બીમારીમાંથી તમને ઘણી રાહત મળે, પણ એની દવા ચાલતી હોય તો ચાલુ જ રાખવી.
- **પરિવાર :** પરિવારમાં નાની મોટી સમસ્યા આવે, પરિવારના સૌ સભ્યોની એકતાથી બધી સમસ્યાને સારી રીતે ઉકેલી શકશો. માતા-પિતાની તંદુરસ્તી અંગે ચિંતા રહે, તેમની જૂની બીમારીમાં પણ સાવચેત રહી સારવાર કે દવા ચાલુ રાખવાં. પિતા સાથે વૈચારિક મતભેદ થાય. તેમની સાથે ધંધો કરતા હો તો શાંતિ-ધીરજ રાખીને કરવો. મે-જુલાઇ માસ દરમિયાન સંતાનોની તબિયત અંગે અને તેમનાં લગ્ન અંગેની ચિંતા સતાવે. સંતાનોને મનદુઃખ થાય, તેવાં વાણી-વર્તન ન કરવાં. પરિવારની પુત્રવધૂના પરિવાર સાથે ખૂબ સાચવીને વાણી-વર્તન કરવા, નહિતર સંબંધ બગડવાના યોગ જણાય છે.
- **કેરિયર :** આ રાશિ સાથે જોડાયેલાંને પણ સારાં પરિણામ મળી શકશે. નોકરીમાં માર્ચ માસ પછી સારાં પરિણામ મળી શકશે. જો તમે નોકરીમાં પરિવર્તન ઇચ્છતા હશો તો માર્ચ પછીનો સમય સારો છે. મે માસ સુધીમાં સહકર્મીઓ સાથે સંબંધ સુધરતાં, ખુશીમાં વૃદ્ધિ થશે. જેની અસર નોકરી પર પડ્યા વિના નહીં રહે. મે પછી તમારે વધુ પરિશ્રમ કરવો પડે, જો કે, તે માટે તમે અનુકૂળ બની શકશો. કોઇ મોટી પરેશાનીનો યોગ નથી પરંતુ તમારે કેટલાક વિરોધનો સામનો કરવો પડી શકે. તેને પણ તમે કુનેહથી હલ કરી શકશો. જોબના સ્થળે કોઇની સાથે દુશ્મનાવટ ના થાય તેનું ધ્યાન રાખી સૌ સાથે હળી-મળીને કામકાજ કરવું.
- **નાણાં :** આ વર્ષે નાણાં માટે વધુમાં વધુ પરિશ્રમ કરવો પડે, છતાં જોઇએ તેટલું કમાઇ શકશો નહીં. હિંમત સાહસમાં વધારો થતાં તમે નાના-મોટા કામકાજ હાથ પર લઇ નાણાં રળી શકશો. નાણાકીય ધાર્યા કામોમાં વિલંબ કે અવરોધ આવે, તો પણ તમે તેને સફળતાપૂર્વક પાર પાડી શકશો. પારિવારિક સભ્યોની આવકમાં વધારો થતો જોવા મળે. નાણાંનું અયોગ્ય રોકાણ ન થાય તે જોવું. વડીલના સલાહ-સૂચનથી જ આગળ વધવું. મકાન, વાહનની ખરીદી કરતી વખતે કોઇ પ્રલોભનમાં આવી જઇ ફસાવાય નહીં તેનું ધ્યાન રાખવું. બચત કરવી જરુરી છે, એ જ તમને ભવિષ્યમાં બચાવશે.
- **પ્રેમ :** પ્રેમ સંબંધમાં સારું પરિણામ મળે. મે પછી બંને વચ્ચે મતભેદ થઇ શકે છે. આ ગાળામાં કોઇ એવી હરકત ન કરવી, જેથી સામી વ્યકિતના મનમાં કુશંકા ઊભી થાય. ઓગસ્ટ પછી સંબંધો સુધરશે. પ્રેમ સંબંધમાં આગામી વર્ષ સામાન્યથી સારું વીતી શકે. એકમેકના વિશ્વાસ જીતવા પૂરતા પ્રયાસ કરવા પડે.
- **મહિલા વર્ગ :** આંતરિક જીવનમાં ખટરાગથી સંતાનોની ચિંતા રહ્યા કરે. સંયમ અને ધીરજથી સફળતા મળે. નોકરીમાં પ્રગતિ થાય.
- **વિદ્યાર્થી વર્ગ :** અભ્યાસમાં વધુ મહેનતથી જ ધાર્યું પરિણામ મળે. દસવાર વિચારીને જ કોઇ લાઇન લેવી, નહીતર લાઇન બદલવાનો વારો આવી શકે.
- **સારાંશ :** તમારી સાથે વિશ્વાસઘાત ના થાય તે જોવું. આરોગ્ય બાબતે અને સંતાનો પ્રત્યે વધુ સજાગ રહેવું. ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ જવામાં વિલંબ થાય. ક્યારેક તમારી ધારણા ખોટી પડે, તો નિરાશ ના થવું. શેરમાં રોકાણમાં સાવધાની રાખવી. દામ્પત્યમાં નાની-નાની ગેરસમજ થાય. ભાગીદારીમાં સમજી-વિચારીને આગળ વધવું. ઘરના માતા-પિતા-દાદા-દાદી જેવા વડીલોના આરોગ્ય બાબતે પૂરતું ધ્યાન આપી, જરુરી સારવાર તાકીદે કરાવવી.
- **શુભ દિવસ :** મંગળવાર
- **શુભ અંક :** ૧
- **શુભ રંગ :** જાંબલી
- **શુભ-અશુભ તારીખ :** શુભ તા.- ૯, ૧૦, ૧૯, ૨૦, ૨૭, ૨૮
અશુભ તા. ૬, ૭, ૮, ૧૨, ૧૩, ૧૬, ૧૭, ૧૮
- **ઉપાય :** (૧) શનિવારે-અમાસે પીપળા પર જળ ચઢાવવું (૨) દુર્ગા સપ્તશતીના પાઠ કરવા.

# અમદાવાદથી દરભંગા જતી ટ્રેન પર કાનપુરમાં પથ્થરમારો, મુસાફરોમાં ભય

કાનપુર,તા.૧૯

દિવાળીના તહેવારમાં ટ્રેનમાં ભારે ભીડ ઉમટી છે, ત્યારે અમદાવાદથી દરભંગા જતી ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન પર યુપીના કાનપુરમાં પથ્થરમારો કરાયો હોવાની ઘટના સામે આવી છે. કાનપુરના ભીમસેન સ્ટેશન પર ટ્રેન ઊભી રહી ત્યારે અચાનક કેટલાક અસામાજિક તત્ત્વોએ પથ્થરમારો




કર્યો હતો. સમગ્ર ઘટનાને લઇને મુસાફરોમાં ભારે ભય જોવા મળ્યો હતો. પથ્થરમારાની ઘટનામાં ટ્રેનના એન્જિનના કાચ તૂટી જતાં ટ્રેન ચાલકને એન્જિનની બારી બંધ કરવી પડી હતી. મળતી માહિતી મુજબ, અમદાવાદથી બિહાર જતી આ સ્પેશિયલ ટ્રેન દર વર્ષે દિવાળી અને છઠ મહાપર્વ પર દોડાવવામાં આવે છે. પરંતુ આ વર્ષે કેટલાક લોકોએ ટ્રેન પર પથ્થમારો કરતાં મુસાફરોમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સમગ્ર ઘટના મામલે ટ્રેનના ડ્રાઇવરે તરત જ કન્ટ્રોલ રૂમમાં ઘટના અંગે જાણકારી આપીને ટ્રેનને રોકી રાખી હતી.

# રાજ્ય કક્ષાની બેગ પાઇપ બેન્ડ સ્પર્ધામાં એસજીવીપી ગુરુકુલ દ્રોણેશ્વરના વિદ્યાર્થીઓ પ્રથમ

ગીર સોમનાથ,તા.૧૯

રાજ્ય સરકારના શિક્ષણ અને ગૃહ ખાતાના સંયુક્ત ઉપક્રમે યોજાયેલી રાજ્ય કક્ષાની આંતર સ્કૂલ બેન્ડ સ્પર્ધામાં, ગીર સોમનાથ જિલ્લાના ગીરગઢડા તાલુકાની શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ આર. ડી. વરસાણી કુમાર અને કન્યા વિદ્યાલયની બંને ટીમોએ ભાગ લીધો હતો. જેમાં કુમાર વિદ્યાલયની ટીમે બેન્ડ સ્પર્ધામાં સમગ્ર રાજ્યમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે. જ્યારે કન્યા વિદ્યાલયની ટીમે સમગ્ર ગુજરાતમાં દ્વિતીય ક્રમ પ્રાપ્ત કરીને સમગ્ર એસજીવીપી ગુરુકુલ પરિવારનું નામ રોશન કર્યું છે. આ પ્રસંગે એસએસજીવીપી ગુરુકુલના અધ્યક્ષ પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી, પ. પૂ. સદગુરુ પુરાણી શ્રી



બાલકૃષ્ણદાસજી સ્વામીએ બંને ટીમો, માર્ગદર્શક ધાનાણીભાઇ સાહેબ અને કુમારભાઇ યાદવને આશીર્વાદ પાઠવ્યા હતા. આ સ્પર્ધામાં કુલ ૫૧ જેટલી ટીમ હતી. હવે પછી કુમાર વિદ્યાલયની બેન્ડની ટીમ ૩૧ ઓક્ટોબરે રાષ્ટ્રીય એકતા દિવસે વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીની ઉપસ્થિતિમાં પર્ફોર્મન્સ આપશે.

# વાર્ષિક રાશિ - ભવિષ્ય વિક્રમ સંવત - ૨૦૮૨




દિપાલી ડાકવાલા
(જ્યોતિષાચાર્ય)

## ધન રાશિ



- **આરોગ્ય :** શનિની પનોતી આંતરિક માનસિક અશાંતિ પેદા કરે. માતા કે વડીલની તબિયતની કાળજી રાખવી. ગુસ્સો કાબૂમાં રાખવો. હૃદય રોગ, ટેન્શન, માઈગ્રેન, શ્વાસનળી સંબંધી તકલીફ પડે. પડવા-વાગવાથી સાચવવું. કુટુંબની કોઈ વ્યક્તિનું એકાએક આરોગ્ય બગડે. ખાણી-પીણી સમયસર કરવી, જેથી પેટની તકલીફ ઊભી ના થાય. વડીલની તકલીફને સાંભળીને જરુરી નિદાન-સારવાર કરાવવાં. એપ્રિલ ૨૬ પછી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થતાં સ્વાસ્થ્ય વધુ સારું બની રહેશે. જો કે, ખાણી-પીણીમાં પૂરતું ધ્યાન આપવું પડશે. જૂન પછી ખાણી-પીણી અસંયમિત થતાં સ્વાસ્થ્યને અસર પડી શકે છે કે રિપોર્ટ પણ કરાવવા પડે.
- **પરિવાર :** આગામી વર્ષમાં મે માસ સુધીમાં પરિવારમાં અશાંતિ જોવા મળી શકે છે. એકબીજા પર શક-સંશય, ગેરવર્તન થઇ શકે છે. આવા કારણસર પારિવારિક જીવન કમજોર બની શકે છે, જેમાં મે માસ પછી સુધારો આવી શકે છે. આ બાબતે આગામી વર્ષ દરમિયાન મિશ્ર પરિણામ જોવા મળે, જેથી તમારે પરિવારના નાના-મોટા દરેક સભ્ય સાથે કળથી કામ લેવું. એ માટે દરેક સાથે કામ પૂરતું બોલવું, સાચવીને વર્તવું-રહેવું અનિવાર્ય બને છે. કારણ વગરના વિવાદમાં ન ઉતરવું, શક્ય હોય તો વિવાદને ટાળી પરિવારને અનુકૂળ નિર્ણયો લેવા. થોડું-ઘણું જતું કરવાની ભાવના રાખી આગળ વધવું આપના માટે હિતાવહ બની રહેશે.
- **કેરિયર :** આગામી વર્ષની શરુઆતથી મે માસ સુધી તમે નોકરી-ધંધાથી અસંતુષ્ટ રહેશો, પરંતુ જૂન પછી તમને તમારા નોકરી-ધંધામાં સંતોષ મળતો જણાશે. જો કે, નોકરી-ધંધાના સ્થળના સહકર્મીઓ અને ઓફિસનું વાતાવરણ તમને અનુકૂળ નહીં આવે કે ઓછું અનુકૂળ આવશે. ઓફિસનું રાજકારણ તમારા મનને અકળાવી મુકનારું બનશે, સહકર્મીનો સ્વભાવ વિચિત્ર હશે. જો કે, તેમાં તમારે શાંત ચિત્તે અને ધીરજપૂર્વક સંતુલન જાળવી રાખી સૌની સાથે કામ પાર પાડવું પડશે. સ્પર્ધાત્મક પરીક્ષામાં ઝંપલાવશો, તો તેમાં પણ તમને સફળતા મળવાની શક્યતાઓ જણાય છે.
- **નાણાં :** મહેનત કરતા ફળ ઓછું મળે. ખર્ચમાં નિયંત્રણની જરૂર જણાય. જોકે અણધાર્યો ધનલાભ પણ થાય. જૂન માસ પછી તમે સારી આવક મેળવી શકશો, પરંતુ કાંઇ બચત થઇ શકશે નહીં. બચત કરવા માટે તમારે આયોજન કરવું જરુરી થઇ પડશે. સપ્ટેમ્બર બાદ આવકમાં ઘટાડો થતો જોવા મળી શકે છે, એના બે માસ પછી આવકમાં વૃદ્ધિની શક્યતા સાથે બચત પણ કરી શકશો. લોભ-લાલચથી દૂર રહી આર્થિક આયોજન કરવું. આર્થિક સમસ્યા વિકટ બને, આડેધડ રોકાણમાં નાણા ફસાય નહીં તેની કાળજી રાખવી. ભાગીદારીમાં વધુ પડતો વિશ્વાસ ના રાખવો. મકાન-વાહનમાં આકસ્મિક ખર્ચ આવી પડે એમ છે.
- **પ્રેમ :** જો તમે પ્રેમના નામે વહેમમાં હશો, તો તેના માઠા ફળ ચાખવાનો વારો આવી શકે છે, માટે તમે તમારા પાર્ટનરને સારી રીતે ઓળખ્યા પછી જ પ્રેમમાં પડજો. એ પછીના ગાળામાં તમારો પાર્ટનર તમારી સાથે બહુ સમજદારીથી રહેશે, જેથી લવલાઈફમાં ઘણું સારું પરિણામ મેળવી શકશો.
- **મહિલા વર્ગ :** મહિલા વર્ગને કામ ધંધામાં અસંતોષ રહે. ઉપરી વર્ગથી પરેશાની થાય. જોબવર્કમાં પણ સારું પરિણામ મળે.
- **વિદ્યાર્થી વર્ગ :** વિદ્યાર્થી વર્ગે અભ્યાસમાં સમજી-વિચારીને જ જે-તે લાઈન પસંદ કરવી. મિત્રોના રવાડે ચડી અભ્યાસ ટાળવો નહીં.
- **સારાંશ :** પડવા-વાગવા કે શસ્ત્રથી સાચવીને ચાલવું. કોર્ટ-કચેરીના કાર્યમાં વિલંબ થાય. સામાજિક ધંધાકીય મુશ્કેલીનો સામનો કરવો પડે. કૌટુંબિક તકલીફો વધે. વડીલોથી લાભ થાય. વધુ પડતા ખર્ચા થાય. સ્પષ્ટ નિર્ણયના અભાવે મુશ્કેલી અનુભવાય. મિલકતના પ્રશ્નો સતાવે. પરિવારનો પૂરતો સાથ ન મળે. કોઈની સાથે ભાગીદારી કરતાં પહેલાં લાખ વાર વિચાર કરવો.
- **શુભ દિવસ :** ગુરૂવાર
- **શુભ અંક :** ૫
- **શુભ રંગ :** પીળો
- **શુભ-અશુભ તારીખ :** શુભ તા. ૨, ૩, ૧૨, ૧૩, ૨૧, ૨૨, ૨૯, ૩૦, ૩૧
અશુભ તા. ૯, ૧૦, ૧૪, ૧૬, ૧૯, ૨૦
- **ઉપાય :** (૧) દત્ત બાવનીનો પાઠ કરવો (૨) શનિ અને મંગળવારે હનુમાન ઉપાસના કરવી

## મકર રાશિ



- **આરોગ્ય :** આઠમા સ્થાને કેતુ હોવાથી પેટ, ઘૂંટણની તકલીફ કે ઓપરેશનના યોગ બને છે. ફેબ્રુઆરીથી મે દરમ્યાન આંખ, માથા સંબંધી બીમારી આવી શકે છે. કાયમી રોગની દવા નિયમિત લેવી, દવામાં આળસ રાખશો તો તમારો રોગ વધી શકે છે. ક્યાંય જાવ તો ત્યાં ફેલાતા ઈન્ફેક્શનથી બચવું. સપ્ટેમ્બર-નવેમ્બર દરમિયાન ખાણી-પીણીમાં ખાસ સાચવવું. વર્ષ દરમિયાન સ્વાસ્થ્ય સારું રહેશે, પરંતુ વચ્ચે વચ્ચે નાની-નાની સમસ્યા આવતી રહેશે. એમાં જો તમે સાચવશો તો વાંધો નહીં આવે. જેમને મોંઢુ, ગુપ્તાંગ, છાતી, પેટની સમસ્યા અગાઉથી હોય તેઓએ આગામી વર્ષમાં પણ સાચવવું પડશે ને જરૂરી દવાઓ ચાલુ રાખવી પડશે.
- **પરિવાર :** પરિવારમાં સંયુક્ત અને વિભક્તનો યોગ બને છે. વિચારોમાં મનમેળ ન રહેતાં મનદુઃખના પ્રસંગ ઊભા થાય. પારિવારિક ખર્ચ વધે સૌએ સમજી વિચારીને સહયોગથી જીવવું જરુરી થઇ પડશે, કોઈ અગત્યના પારિવારિક નિર્ણયમાં સાવધાની રાખવી, નિર્ણય લેવામાં ખોટી ઉતાવળ ના કરવી. સંતાનોના લગ્ન યોગ બને છે. ઘરના દરેક સભ્યએ વાણી પર નિયંત્રણ રાખવું. પરિવારની સુખ શાંતિમાં વધારો થાય, છતાં શનિની દ્રષ્ટિથી કૌટુંબિક સમસ્યા ઊભી થઇ શકે છે. ભાઈભાંડુ સાથે વૈચારિક મતભેદ થાય, પણ સમજપૂર્વકના વ્યવહાર સંબંધ સાચવી લેશે. વડીલોનો સહકાર મળે. વારસાકીય સંપત્તિ મેળવવાના પ્રયાસ સફળ થાય.
- **કેરિયર :** આગામી વર્ષ દરમિયાન હાલની માફક જ નોકરી કે ધંધો ચાલતો રહેશે. તેમાં તમને તમારી મહેનત પ્રમાણે તેનું પરિણામ મળતું રહેશે. પરંતુ, એપ્રિલ માસ પછી કામકાજ પ્રત્યે તમારે વધુ કાળજી રાખવી જરુરી બની રહેશે. જેથી કોઈ સમસ્યા ઊભી ના થાય. તમારી વાત-ચીતની પદ્ધતિમાં થોડે અંશે ફેરફાર કરશો તો ઉપરી અધિકારી અને સહકર્મીઓ સાથે સારા સંબંધની સાથોસાથ મનમેળ બનાવી શકશો. એ માટે નાની-નાની વાતો ધ્યાને રાખીને આગળ વધશો. જો તમે નોકરીમાં પરિવર્તન ઈચ્છતા હશો તો તે શક્ય બનશે, પણ નવી જગાએ કામકાજ વધુ આવી શકે તેમ છે. તેને પહોંચી વળવાની તૈયારી તમારે રાખવી પડશે.
- **નાણાં :** આગામી વર્ષ દરમિયાન રાહુ બીજા સ્થાને રહેતો હોઇ, આર્થિક પાસું નબળું રહે. બીમારીના લીધે ખર્ચ વધવા પામે. શેર રોકાણમાં ગેરલાભ થઈ શકે. સંયુક્ત સંપત્તિના નાણાં બાબતે અવરોધ આવતો જણાય. ઓક્ટોબર-ડિસેમ્બર દરમિયાન અમુક કાર્યોમાં વધુ ખર્ચ કરવો પડે. શારીરિક તકલીફમાં નાણાં ખર્ચ વધે એટલે બચતની ટેવ પાડવી. ઘરની મહિલાઓના ખર્ચમાં અણધાર્યો વધારો થતો જોવા મળે. ઘરનાં નાનાં-મોટાં સૌ બચતની ટેવ વિકસાવશો તો ભવિષ્યમાં આવતી કોઈપણ સમસ્યાને પહોંચી વળશો.
- **પ્રેમ :** પ્રેમની બાબતમાં પ્રેમલગ્ન કરવાની ઈચ્છા ધરાવતાં લોકોની ઈચ્છા માર્ચ માસ પછી પૂર્ણ થતી જણાય. જો તમારો પ્રેમ સાચો હશે અને તેને લગ્નમાં ફેરવવા માગતા હશો તો તે શક્ય બની શકશે. જો કે, પ્રેમના નામે ટાઈમપાસ કરનારાઓ માટે સમય બિલકુલ સારો નથી.
- **મહિલા વર્ગ :** ભાગીદારી કરતાં સ્વતંત્ર કામ કરવું, જોબવર્ક પણ મળી શકે. પરિવારની જવાબદારીમાં વિશેષ સમય આપવો પડે.
- **વિદ્યાર્થી વર્ગ :** સમજી વિચારીને શૈક્ષણિક કારકિર્દી ઘડવી. અભ્યાસમાં અયોગ્ય નિર્ણય ન લેવાય તે જોવું. ખૂબ પરિશ્રમ સફળતા અપાવે.
- **સારાંશ :** પરિશ્રમ વધારે કરવો પડે. વર્ષ દરમિયાન ભાઈભાંડુ સાથે મતભેદ થાય. અણધાર્યા ધનલાભ પણ ખોટા ખર્ચ કરાવે. સંતાનોના કેરિયરની કે લગ્નની ચિંતા સતાવે. સામાજિક મુશ્કેલીનો સામનો કરવો પડે. એપ્રિલથી જુલાઈ દરમિયાન પારિવારિક સંબંધોમાં બહુ સાચવવું કૌટુંબિક પ્રશ્નો વધે. બચત કરવી જરૂરી. વ્યવહારિક કાર્યો અટવાઈને વિલંબમાં પડે. ભૌતિક સુખ સાધનો મુશ્કેલીમાં ન મૂકે તે જોવું.
- **શુભ દિવસ :** સોમવાર
- **શુભ અંક :** ૪
- **શુભ રંગ :** મોરપીંછ
- **શુભ-અશુભ તારીખ :** શુભ તા. ૪, ૫, ૬, ૧૪, ૧૫, ૨૩, ૨૪, ૩૧
અશુભ તા. ૧૧, ૧૨, ૨૩, ૧૭, ૧૮, ૨૧, ૨૨
- **ઉપાય :** (૧) મા લક્ષ્મીની પૂજા-આરાધના કરો (૨) સપ્તશતીના પાઠ કરવા (૩) ગુરુવાર કરવા.

## કુંભ રાશિ



- **આરોગ્ય :** શારીરિક-માનસિક બેચેની અનુભવાય. માર્ચથી મે દરમિયાન નાની-મોટી શારીરિક તકલીફ રહેવા પામે. સંતાનોને માથા અને આંખની તકલીફમાં તરત જ સારા ડોક્ટરને બતાવી નિદાન કરાવી લેવું. એપ્રિલથી જુલાઇ દરમિયાન સાંધા-કમરનો દુઃખાવો, શ્વાસ, ફેફસાંની સમસ્યા હોય તો તાત્કાલિક નિદાન કરાવી સમયસર દવા લેવી. વડીલોને જો કોઇ જૂની બીમારી હોય તો તેમાં રાહત જણાય, એમની સારવારમાં ઘરગથ્થુ ઉપચારથી ચલાવી ન લેવું, પણ જે-તે નિષ્ણાતને બતાવી જરૂરી નિદાન-સારવાર કરાવવાં. સંતાન કોઇ એલર્જીનું ભોગ બની શકે.
- **પરિવાર :** વર્ષ દરમિયાન શનિ ધનસ્થાને રહેતા પારિવારિક મુશ્કેલી આવી શકે. વડીલો સાથે વિવાદ થાય. દાંપત્યમાં ખટરાગ પેદા થાય, તો બંનેએ જતું કરવાની ભાવના રાખવી. સંતાનોમાં આધ્યાત્મિક વૃત્તિ વધે. સંતાન સાથે વૈચારિક મતભેદ જણાય. કૌટુંબિક મિલકતમાં વિશ્વાસઘાત થવાની શક્યતા જણાય છે. પરિવારને વડીલોનો સહકાર મળે. પરિવારના કોઇ પ્રશ્ન બાબતે ઉતાવળિયો નિર્ણય લેવો હિતાવહ નથી. મે માસ પછી સંબંધોમાં થોડી કમજોરી આવી શકે છે, જેથી અગાઉ જેવાં પરિણામો મેળવવા અસમર્થ બનશો. પરિવાર વચ્ચે અસંતુલન કે અસંતોષ જોવા મળી શકે. ઓગસ્ટ પછી સમસ્યાઓ દૂર થઇ શકશે.
- **કેરિયર :** જે નોકરી માટે તમે પ્રયાસ કરી રહ્યા છો, તે આગામી વર્ષમાં મેળવી શકશો. સ્પર્ધાત્મક પરીક્ષામાં સારો દેખાવ કરી શકશો. જો તમારી મહેનત વધારશો તો સારી નોકરી મેળવી શકશો. જો કે, તમને નોકરી બાબતે જૂન સુધી માનસિક અસંતોષ રહી શકે. બધી આવડત ધરાવતા લોકો નોકરીમાં કંઈક નવો પ્રયોગ કરી શકે છે. નવું કામ, નવી જગ્યાએ નોકરી શોધી શકે છે કે પ્રમોશન મેળવી શકે છે. આગામી વર્ષ દરમિયાન કઠિનાઈના અંતે સારું પરિણામ મેળવી શકશો. તમારા માટે બદલી કે પ્રમોશન શક્ય છે, પણ તેમાં જોઈએ તેવો સંતોષ તમને જણાશે નહીં. સ્પર્ધાત્મક પરીક્ષામાં ભાગ્ય અજમાવી શકો છો.
- **નાણાં :** નાણાકીય આવક કરતા જાવક વધે. અમુક રીતે નાણાં મેળવવાની આશા ઠગારી નીવડે. નાણાં ખેંચ અનુભવાય, અંતે કામ અપૂર્ણ જ રહે. શરૂઆતથી જ બચતની આદત પાડશો તો આકસ્મિક ખર્ચને પહોંચી વળશો. ફસાયેલા નાણાં કળથી કઢાવવા. ઉછીના રૂપિયા આપવાથી બચવું. રોકાણમાં લાભ જણાય. મેથી સપ્ટેમ્બર દરમિયાન નાણાંભીડ રહે. જે બચત જ બચાવી શકશે. મહિલાને નોકરી-ધંધામાં સારી આવક મળી રહે. મે માસ સુધી તમારો ખર્ચ વધી શકે છે, મે પછી ધીમે ધીમે ખર્ચા નિયંત્રણમાં આવતા તમે તમારી આર્થિક વ્યવસ્થા મજબૂત કરી શકશો.
- **પ્રેમ :** ડિસેમ્બરથી એપ્રિલ સુધી પ્રેમમાં નીરસતાનો ભાવ આવી શકે, જેથી લવ લાઈફમાં જોઈએ તેવી મજા ના આવે. એકબીજાં માટે ખેંચ-તાણનો ભાવ રહી શકે, એટલે ખોડના બદલે સદગુણને જોઇ આગળ વધશો તો પરેશાની દૂર થશે. કરવા ખાતર પ્રેમ કરી કોઇ સાથે બેવફાઇ ના થાય તેનું ધ્યાન રાખજો.
- **મહિલા વર્ગ :** પરિવારની મદદ માટે નોકરી કરવી પડે. સંતાનની અને વડીલની જવાબદારી નિભાવવી પડે.
- **વિદ્યાર્થી વર્ગ :** ઈચ્છિત લાઈન લેવા માટે પહેલાંથી જ ભણવામાં ધ્યાન આપવું પડશે. સોશિયાલ મીડિયાથી દૂર રહેશો તો જ ભણી શકશો.
- **સારાંશ :** આર્થિક સ્થિતિ મજબૂત હોય છતાં નાણાંભીડ અનુભવો. શક્ય હોય ત્યાં સુધી ઉછીના નાણાં લેવાની ટેવ ના પાડશો. પણ ખર્ચ ઘટાડવાની કોશિષ કરજો. ઉશ્કેરાટથી સંબંધો બગડે નહીં તેનું ધ્યાન રાખશો. ભાગીદારીમાં લેખન કરીને જ ભાગીદારી કરવી. કામ-ધંધામાં પૂરતું ધ્યાન રાખવું. સંતાનોના કેરિયરમાં તમારે સહયોગ આપવો પડે તો વિનયપૂર્વક આપશો. ઘર-પરિવારમાં આનંદ જળવાઈ રહેશે
- **શુભ દિવસ :** શનિવાર
- **શુભ અંક :** ૮
- **શુભ રંગ :** પીળો
- **શુભ-અશુભ તારીખ :** શુભ તા. ૬, ૭, ૮, ૧૭, ૧૮, ૨૫, ૨૬
અશુભ તા. ૧૪, ૧૫, ૧૯, ૨૦, ૨૩, ૨૪
- **ઉપાય :** (૧) સુંદરકાંડના પાઠ અને હનુમાન ચાલીસા કરવા (૨) શનિ-રાહુના જાપ કરવા.

## મીન રાશિ



- **આરોગ્ય :** વર્ષ દરમિયાન શનિ અને કેતુ ભાગ ભજવતા હોઇ, પડવા-વાગવાથી ખાસ સંભાળવું. નાની અમથી તકલીફ મોટું સ્વરૂપ ના લઇ લે તે જોવું. વધુ પડતી દોડધામ પણ આરોગ્યને જોખમમાં મૂકી શકે છે માટે શાંતિથી કામકાજ કરવું. વાયુ, કમર દર્દ, સાંધા, પગની તકલીફમાં સાચવવું. મેથી જુલાઈ દરમિયાન તબિયતની ખાસ કાળજી રાખવી, કોઈ આકસ્મિક બીમારીથી ઓપરેશનના યોગ છે. વડીલોનું આરોગ્ય સાચવવા માટે તેમના સ્વાસ્થ્ય રિપોર્ટ નિયમિત કરાવતા રહેવાથી સમયસર કાળજી લેવાશે. જુલાઈ પછી માનસિક તણાવ ઘટશે. જૂના રોગની સારવારમાં જરા પણ વિલંબ ના કરવો. કસરત કરવાથી આરોગ્ય સુધરશે.
- **પરિવાર :** આગામી વર્ષમાં સારા પરિણામ મેળવી શકશો. એપ્રિલ સુધીમાં પારિવારિક અનુકૂળતાનો ગ્રાફ વધશે. પણ, જૂન પછી થોડી-ઘણી ગેરસમજ સર્જાઇ શકે છે. અંદરોઅંદરની સમજમાં અસમર્થ હોવાથી થોડો-ઘણો મતભેદ જોવા મળી શકે. જોકે, એમાં કોઈ મોટી સમસ્યા નહીં આવે. પરંતુ જૂની અને જટિલ સમસ્યા ધીમે ધીમે દૂર થવા લાગશે. ભૂતકાળની પારિવારિક સમસ્યા દૂર થતાં આગામી દિવસોમાં પરિવારમાં આનંદનો માહોલ બની રહેશે. પારિવારિક સહયોગમાં વૃદ્ધિ જોવા મળશે. તમે ક્યારેક પરિવારના સભ્યોના અવિશ્વાસ પાત્ર બની શકો છો, માટે પરિવારના તમામ સભ્યોને વિશ્વાસમાં લઈને જ તમામ કામકાજ કરજો.
- **કેરિયર :** આગામી વર્ષ દરમિયાન સારું ફળ મળી શકે છે. ફેબ્રુઆરીથી જૂન દરમિયાન નોકરીમાં અસંતોષ રહી શકે, એ પછી સંતોષ મળી શકે. જુલાઈમાં સારું પરિણામ મળી શકે છે, જૂન પછીનો સમય બહુ સારો અને અનુકૂળ બની રહેશે. આ દરમિયાન તમને નોકરી બદલવાની ઈચ્છા હશે તો બદલી શકશો. જુલાઈ પછીની સ્થિતિ થોડી કઠિનાઈવાળી બની રહેશે, પરંતુ વિદેશમાં કે ઘરથી દૂર નોકરી કરનારાને આ ગાળામાં સારું પરિણામ મળી શકે છે. અયોગ્ય રીતે વિદેશ જવાના મોહમાં ન રહેતા, નહિતર કાયદાની આંટીઘૂંટીમાં ફસાઇ શકો છો. કાયદાકીય તમામ બાબતોને પરિપૂર્ણ કરીને જ વિદેશમાં અભ્યાસનું વિચારજો.
- **નાણાં :** નાણાં બાબતે આગામી વર્ષ મિશ્ર ફળદાયી બની રહેશે. ક્યારેક નોકરી રહિત થવાનો વારો આવે તો, બેસી ના રહેશો. પણ એકવાર તો જે નોકરી મળે તેને સ્વીકારીને આગળ વધશો તો ભવિષ્યમાં તમને એ અનુભવના આધારે સારી કે વધુ સારી નોકરીની તક મળી શકે તેમ છે. સપ્ટેમ્બર બાદ આવકમાં ઘટાડો થતો જોવા મળી શકે છે, એના બે માસ પછી આવકમાં વૃદ્ધિની શક્યતાની સાથે બચત પણ કરી શકશો.
- **પ્રેમ :** ટાઈમપાસ પ્રેમ કરનારા શરુઆતમાં તો ફાવી જશે, પણ પાછળથી તેની ભારે કિંમત ચૂકવવાનો વારો આવી શકે છે, તેનું ધ્યાન રાખીને આગળ વધજો. સામેના પાત્ર પર વિશ્વાસ મુકતાં પહેલાં સો વાર વિચાર કર્યા પછી જ પ્રેમસંબંધમાં આગળ વધજો, નહિંતર પ્રેમમાં છેતરાવાની શક્યતા રહેલી છે.
- **મહિલા વર્ગ :** નાનો પણ પોતાનો બિઝનેસ કરી શકશો. ગૃહ ઉદ્યોગ પણ શરુ કરી શકશો.
- **વિદ્યાર્થી વર્ગ :** આગામી વર્ષ ખૂબ કઠિન નીવડશે. ધાર્યું પરિણામ લાવવા સખત સંઘર્ષ કરવો પડશે.
- **સારાંશ :** અટવાયેલા નાણાં ધીમે ધીમે પરત મળે. નવા સંબંધોમાં સાવચેતી રાખવી. ધારણા કરતા આવકનું પ્રમાણ ઘટે. આર્થિક આયોજનમાં સફળતા મળે. મહિલા વર્ગને ઘરની અને નોકરીની જવાબદારી વધે. સંતાનોનો સાથ મળે. દંપતીમાં રકઝક રહ્યા કરે. વાતને સમજી વિચારીને ચાલશો તો વાંધો નહીં આવે. સંતાનોના કેરિયરમાં સફળતા મળે. તમે અનેક માધ્યમથી નાણાં વધારવાના પ્રયત્નો કરશો, જે સાર્થક નીવડશે. નવેમ્બરથી ફેબ્રુઆરીમાં સાહસિક કાર્યો દ્વારા આવક વધશે. ખર્ચ પર નિયંત્રણ જરૂરી હોય એ માટે પરિવારના સૌએ બચતની આદત વિકસાવવી પડશે.
- **શુભ દિવસ :** બુધવાર
- **શુભ અંક :** ૩
- **શુભ રંગ :** લાલ
- **શુભ-અશુભ તારીખ :** શુભ તા. ૯, ૧૦, ૧૧, ૧૯, ૨૭, ૨૮
અશુભ તા. ૧૬, ૧૭, ૧૮, ૨૧, ૨૨, ૨૫, ૨૬
- **ઉપાય :** (૧) વિષ્ણુ સહસ્ત્રનામનો પાઠ કરવો (૨) સુંદરકાંડનો પાઠ કરવો.

---

# ડે.સીએમ હર્ષ સંઘવીનો નિર્ણય : એસ.ટી.કર્મીઓને રૂા.૧૦ હજાર એડવાન્સ આપવામાં આવશે

ગાંધીનગર,તા.૧૯

નાયબ મુખ્યમંત્રી તરીકે પદભાર સંભાળતાની સાથે જ હર્ષ સંઘવીએ તેમના હસ્તકના વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ સાથે સતત બેઠકો યોજી કામગીરીની સમીક્ષા શરૂ કરી છે. ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (GSRTC)ના ઉચ્ચ અધિકારીઓ સાથેની પ્રથમ બેઠકમાં તેમણે નિગમના કર્મચારીઓના હિતમાં મહત્વનો નિર્ણય લીધો છે.



દિવાળી તહેવારની એક્સ્ટ્રા બસ સંચાલનના મોનીટરીંગ માટે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ તા.૧૯ના રોજ સાંજે ૭.૩૦ વાગ્યે અમદાવાદ ગીતા મંદિર બસ સ્ટેશનની મુલાકાત લીધી. રાજ્યમાં નાગરિકોને સમયસર અને સુદ્રઢ પરિવહન સેવા પૂરી પાડવા માટે રાતદિવસ કાર્યરત નિગમના ૩૬,૦૦૦થી વધુ કર્મચારીઓ માટે નાયબ મુખ્યમંત્રીએ તહેવારમાં એડવાન્સની રકમમાં બમણો વધારો કરવાની જાહેરાત કરી છે. અગાઉ માત્ર ફિક્સ પગારધારક કર્મચારીઓને જ રૂ.૫,૦૦૦ સુધી તહેવાર એડવાન્સ મળતું હતું. હવે નિગમના તમામ કર્મચારીઓને રૂ.૧૦,૦૦૦ તહેવાર પર એડવાન્સ આપવામાં આવશે. આ નિર્ણયથી હજારો પરિવારોને સીધો લાભ મળશે અને તહેવારોની ઉજવણી વધુ સુખદ બની રહેશે.

# દિવાળી, છઠ, બિહાર વિધાનસભાની ચૂંટણીને લઈ ઉધના રેલવે સ્ટેશન પર મુસાફરોની બે કિ.મી. લાંબી લાઈન

## ભુખ્યા, તરસ્યા લાઈનમાં ઉભા રહેતા મુસાફરોનો રેલ્વે તંત્ર સામે આક્રોશ

સુરત,તા.૧૯

દિવાળી, છઠ , છઠ પૂજા અને બિહાર વિધાનસભા ચૂંટણીને કારણે ઉત્તર ભારત તરફ જનારા યાત્રીઓનો અભૂતપૂર્વ ધસારો સુરતનાં ઉધના રેલવે સ્ટેશન પર જોવા મળી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકથી હજારોની સંખ્યામાં



યાત્રીઓ સ્ટેશન પર ઉત્તર ભારત જવા માટેની ટ્રેનોની રાહ જોઈને ઊભા છે, પરંતુ ટ્રેન ફૂલ થઈ જતાં અનેક યાત્રીઓમાં હતાશા અને નિરાશા વ્યાપી છે. રેલવેએ સુવિધા મુદ્દે કરેલા દાવા પોકળ સાબિત થઈ રહ્યા છે. રેલવે તંત્રને રવિવારના દિવસે સૌથી વધુ ભીડ થવાની જાણ હોવા છતાં પણ ગત રાત્રે ૮ વાગ્યાથી લઈને આજે ૧૧ વાગ્યા સુધીમાં માત્ર બે ટ્રેન જ ઉધના રેલવે સ્ટેશન ખાતેથી ઉપડી છે. બાળકો, મહિલાઓ અને વૃદ્ધોને સૌથી વધુ પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે. ભૂખ્યા તરસ્યા લાઈનમાં ઊભા હોવાથી હવે તેમનો આક્રોશ પણ ફાટી નીકળ્યો છે. આ સાથે પીએમ મોદીને વધુ ટ્રેનો મુકવા માટે અપીલ પણ કરી રહ્યા છે.


સત્યમેવ જયતે
ગુજરાત સરકાર
દિવાળી અને નૂતન વર્ષની
શુભકામનાઓ
તહેવારોમાં સ્વદેશી અપનાવી,
વિકસિત ભારતનો દીપ પ્રગટાવીએ,
આત્મનિર્ભર ભારત બનાવીએ
હર ઘર સ્વદેશી
ઘર-ઘર સ્વદેશી
શ્રી નરેન્દ્ર મોદી,
માનનીય વડાપ્રધાન
શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ,
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત
સ્વદેશીને આપણું સ્વાભિમાન બનાવી ભારતને વિકાસથી દીપાવીએ
- શ્રી હર્ષ સંઘવી, માનનીય નાયબ મુખ્યમંત્રી

# ખુબ ખુબ અભિનંદન

અમરેલીના પનોતા પુત્ર,
આપણા વતનનું રતન,
અડધી રાતનો હોકારો અને
જન - જનના હૈયામાં બિરાજમાન

## શ્રી કૌશિકભાઈ વેકરીયા

ને રાજ્ય ક્ક્ષાના મંત્રી બનવા બદલ
ખુબ ખુબ અભિનંદન.....





**શ્રી કૌશિકભાઈ વેકરીયા**
મંત્રીશ્રી, કાયદો ન્યાયતંત્ર, ઉર્જા પેટ્રોકેમીકલ્સ,
વૈધાનિક અને સંસદીય બાબતો (રાજ્ય ક્ક્ષા - ગુજરાત સરકાર)

PATIDAR®
SINCE 1999

## પાટીદાર પ્રોડક્ટ્સ

PATIDAR

લાઠી રોડ, બાયપાસ, અમરેલી

## અનિલભાઈ પાટીદાર - બિજેન્દ્ર પાટીદાર